RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૨૮● તારીખ: ૧૭-૦૮-૨૦૨૫,રવિવાર● પાના : ૧૦ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# PM મોદીની રાષ્ટ્રીય સુરક્ષાકવચ 'સુદર્શનચક્ર'ની જાહેરાત

૭૯મા સ્વતંત્રતા દિવસ PM મોદીએ લાલ કિલ્લા પર સતત ૧૨મી વખત તિરંગો ફરકાવ્યો. આ દરમિયાન તેમણે અત્યારસુધીનું સૌથી લાંબું ભાષણ આપ્યું. PM મોદીએ ૧૦૩ મિનિટના ભાષણની શરૂઆત 'ઓપરેશન સિંદૂર'થી કરી. તેમણે એના પર ૧૩ મિનિટથી વધુ સમય સુધી ભાષણ આપ્યું. આ પછી તેમણે આતંકવાદ, સિંધુ કરાર, આત્મનિર્ભરતા, મેડ ઈન ઈન્ડિયા, નક્સલવાદ અને ગેરકાયદે ઘૂસણખોરો પર ભાષણ આપ્યું. તેમણે પહેલીવાર ઈજીજીનો ઉલ્લેખ કર્યો.

પીએમ મોદીએ કહ્યું, 'ઓપરેશન સિંદૂર'માં સેનાએ એવું કામ કર્યું, જે દાયકાઓ સુધી ભૂલી શકાય નહીં. આતંકવાદીઓને સેંકડો કિલોમીટર દૂર દુશ્મનના પ્રદેશમાં ઘૂસીને નાશ કરવામાં આવ્યા. પાકિસ્તાન હજુ પણ જાગી રહ્યું છે. જો આપણે આત્મનિર્ભર ન હોત તો શું આપણે આટલી ઝડપથી ઓપરેશન સિંદૂર કરી શક્યા હોત? એટલા માટે દુશ્મનને ખબર પણ ન હતી કે કયું હથિયાર તેમને નષ્ટ કરી રહ્યું છે.

## GST ઘટાડવામાં આવશે, આજથી નવી રોજગાર યોજના

GST સુધારાઃ સરકાર આ દિવાળી પર GST સુધારા લાવી રહી છે. આનાથી સામાન્ય લોકોને કરવેરામાં મોટી રાહત મળશે.

૨૩.૫ કરોડ યુવાનને રોજગારઃ પ્રધાનમંત્રી વિકાસિત ભારત રોજગાર યોજના આજથી લાગુ કરવામાં આવી રહી છે. આ યોજના હેઠળ સરકાર ખાનગી ક્ષેત્રમાં પહેલી નોકરી મેળવનાર પુત્ર કે પુત્રીને ૧૫ હજાર રૂપિયા આપશે. વધુ રોજગાર ઉત્પન્ન કરતી કંપનીઓને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. આ યોજના લગભગ ૩.૫ કરોડ યુવાન માટે રોજગારની તકો ઊભી કરશે.

૧૨ વર્ષમાં પહેલીવાર લાલ કિલ્લા પરથી RSSનો ઉલ્લેખ 'આજે હું ગર્વ સાથે ઉલ્લેખ કરવા માગું છું કે ૧૦૦ વર્ષ પહેલાં એક સંગઠનનો જન્મ થયો હતો- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ. રાષ્ટ્રની ૧૦૦ વર્ષની સેવા ખૂબ જ ગર્વની વાત છે. વ્યક્તિઓનું નિર્માણ કરીને રાષ્ટ્રનું નિર્માણ કરવાના સંકલ્પ સાથે મા ભારતીના કલ્યાણના ઉદ્દેશ સાથે માતૃભૂમિ માટે ૧૦૦ વર્ષ સમર્પિત જીવન, જેમની ઓળખ સેવા, સમર્પણ, સંગઠન અને અજોડ શિસ્ત રહી છે. આવો RSS વિશ્વનો સૌથી મોટો NGO છે.'



૧. ઓપરેશન સિંદૂરમાં સેનાને છૂટો હાથઃ 'આજે મને લાલ કિલ્લાની કિલ્લા પરથી ઓપરેશન સિંદૂરના બહાદુર સૈનિકોને સલામ કરવાનો મોકો મળ્યો છે. આપણા સૈનિકોએ દુશ્મનોને તેમની કલ્પના બહાર સજા આપી છે.

૨૨ એપ્રિલે પહેલગામમાં સરહદ પારથી આતંકવાદીઓએ જે પ્રકારનો નરસંહાર કર્યો હતો. લોકોનો ધર્મ પૂછીને તેમની હત્યા કરવામાં આવી હતી. આખું ભારત ગુસ્સાથી ભરાઈ ગયું હતું. આ હત્યાકાંડથી આખી દુનિયા ચોંકી ગઈ હતી. ઓપરેશન સિંદૂર એ ગુસ્સાની અભિવ્યક્તિ છે. અમે સેનાને છૂટો હાથ આપ્યો હતો. આપણી સેનાએ એવું કંઈક કર્યું જે ઘણા દાયકાઓ સુધી ભૂલી શકાય નહીં.

તેણે દુશ્મનની ભૂમિમાં સેંકડો કિલોમીટર ઘૂસીને આતંકવાદીઓનો નાશ કર્યો. પાકિસ્તાન હમણાં જ તેની ઊંઘમાંથી જાગ્યું છે. પાકિસ્તાનમાં થયેલો વિનાશ એટલો મોટો છે કે દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે.

૨. લોહી અને પાણી એકસાથે વહેશે નહીંઃ સિંધુ કરાર એટલો એકતરફી છે. ભારતનું પાણી દુશ્મનની ભૂમિને સિંચાઈ કરી રહ્યું છે. મારા દેશની ભૂમિ તરસ્યા છે. છેલ્લા ઘણા દાયકાઓથી, આ કરાર દેશના ખેડૂતોને નુકસાન પહોંચાડી રહ્યો છે.

હવે આપણે એક નવી સામાન્ય સ્થિતિ સ્થાપિત કરી છે. હવે આપણે આતંકવાદ અને તેને પ્રોત્સાહન આપનારાઓને અલગ અલગ એન્ટિટી માનતા નથી. તેઓ માનવતાના સામાન્ય દુશ્મનો છે. હવે ભારતે નક્કી કર્યું છે કે આપણે પરમાણુ ધમકીઓને સહન નહીં કરીએ. પરમાણુ બ્લેકમેઈલ હવે સહન નહીં થાય. જો દુશ્મનો ભવિષ્યમાં પ્રયાસ કરવાનું ચાલુ રાખશે, તો આપણી સેના નક્કી કરશે કે આપણે સેના દ્વારા નક્કી કરાયેલા લક્ષ્યોને સેનાની શરતો પર અમલમાં મૂકીશું. ભારતે નક્કી કર્યું છે કે લોહી અને પાણી એકસાથે વહેશે નહીં.

૩. દામ કામ, પર દમ ઝ્યાદાઃ દુનિયા ગુણવત્તા સ્વીકારે છે. આપણી ગુણવત્તા શ્રેષ્ઠ હોવી જોઈએ. સરકાર કાચા માલની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે પણ પ્રયાસો કરી રહી છે.

ઉત્પાદન ક્ષેત્ર સાથે સંકળાયેલા આપણે બધાએ એક મંત્ર અપનાવવો જોઈએઃ 'દામ કામ, પર દમ .

ભારતમાં બનેલાં ઉત્પાદનો, ભારતના નાગરિકોની મહેનતથી બનેલાં, આપણી માટીની સુગંધથી રંગાયેલાં, આત્મનિર્ભરતાના સંકલ્પને મજબૂત બનાવતા- આપણે ફક્ત એ જ ખરીદીશું, ફક્ત એ જ વાપરીશું અને એ દિશામાં આગળ વધીશું. આ આપણો સામૂહિક સંકલ્પ હોવો જોઈએ.

૪. સ્થૂળતાની સમસ્યા, લોકોએ ઘરોમાં તેલનો ઉપયોગ ૧૦% ઘટાડવો જોઈએઃ સ્થૂળતા આપણા દેશ માટે એક મોટો પડકાર બની રહી છે. નિષ્ણાતોનો અંદાજ છે કે આવનારાં વર્ષોમાં દર ત્રણમાંથી એક વ્યક્તિ સ્થૂળતાથી પ્રભાવિત થશે. આપણે પોતાને સ્થૂળતાથી બચાવવા પડશે.

તેથી દરેક વ્યક્તિએ આમાં ભાગ લેવો પડશે અને મેં એક નાનો ઉકેલ સૂચવ્યો. પરિવારોએ નક્કી કરવું જોઈએ કે જ્યારે રસોઈ તેલ ઘરમાં આવશે ત્યારે તેઓ ૧૦% ઓછું તેલ વાપરશે. આમ કરવાથી આપણે સ્થૂળતા સામેની લડાઈ જીતવામાં યોગદાન આપીશું.

૫. આપણી પાસે આપણું પોતાનું મેડ ઈન ઈન્ડિયા જેટ એન્જિન હોવું જોઈએઃ 'ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા ISSuથી પાછા ફર્યા છે.

તેઓ પોતાની તાકાત પર અવકાશમાં આગળ વધી રહ્યા છે. ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન પણ હશે, ભારત એના પર કામ કરી રહ્યું છે. ૧૪૦ કરોડ ભારતીયો ૨૦૪૭માં વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે.

આજે ભારત દરેક ક્ષેત્રમાં એક આધુનિક ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે. આ આપણને દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવશે. હું આપણા યુવાનો, પ્રતિભાશાળી યુવાનો, દરેક વિભાગને અપીલ કરું છું કે આપણી પાસે આપણું પોતાનું મેડ ઈન ઈન્ડિયા જેટ એન્જિન હોવું જોઈએ.'

## પુતિન-ટ્રમ્પ વચ્ચે ૩ કલાક બેઠક, કોઈ ડીલ નહીં



રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ અલાસ્કામાં મળ્યા હતા. યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા પર તેમની વચ્ચે લગભગ ૩ કલાક સુધી મુલાકાત થઈ હતી. આ પછી, બંને નેતાઓએ ફક્ત ૧૨ મિનિટ માટે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ સમય દરમિયાન, તેમણે પત્રકારોના કોઈપણ પ્રશ્નોના જવાબ આપ્યા ન હતા.

ટ્રમ્પે કહ્યું હતું કે, કેટલાક મુદ્દાઓ પર તેમની સહમતિ બની નથી, પરંતુ કુલ મળીને વાતચીત સકારાત્મક રહી છે. જોકે, બંને નેતાઓએ એ જણાવ્યું નથી કે, તેઓ કયા મુદ્દાઓ પર સહમત થયા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે, તે ઝેલેન્સકીને પણ ફોન કરીને આ બેઠકના વિશે જણાવશે.

પુતિને કહ્યું કે તેમના માટે રશિયાની સુરક્ષા જરૂરી છે. આગળની બેઠક મોસ્કોમાં યોજવાનું સૂચન તેઓએ આપ્યું હતું. પોતાની વાત કહીને બંને નેતાઓ તરત જ મંચ પરથી ચાલ્યા ગયા. પુતિન ૧૦ વર્ષ પછી અમેરિકા પહોંચ્યા હતા.રશિયાના રાષ્ટ્રપતિ પુતિન શનિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની મુલાકાત માટે અલાસ્કા પહોંચ્યાં હતા. ટ્રમ્પે લગભગ અડધો કલાક વિમાનમાં બેસીને પુતિનના અલાસ્કા ખાતે પહોંચવાની રાહ જોઈ હતી. એરપોર્ટ પર પહોંચતા જ પુતિનનું ન્-૨ બોમ્બર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. આ પછી, પુતિન રેડ કાર્પેટ પર આવ્યા હતા, ત્યારે ટ્રમ્પે તાળીઓ પાડી હતી. ત્યારબાદ પુતિન ટ્રમ્પની કારમાં બેસીને મીટિંગ માટે રવાના થયા હતા

## શુભાંશુ શુક્લા ભારત આવવા રવાના, લખી ભાવુક પોસ્ટ



Astronaut Shubanshu Shukla: ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ઐતિહાસિક અંતરિક્ષ સ્ટેશન (ISS) યાત્રા કર્યા પછી ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ રવિવારે ઈન્ડિયા પાછા આવવાના છે. શુભાંશુ શુક્લાની અવકાશ યાત્રા અને પરત ભારત અવકાશ ઈતિહાસમાં એક ગર્વની ક્ષણ છે.ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા છેલ્લા એક વર્ષથી અમેરિકામાં હતા. ત્યાં તેમણે એક્સિઓમ-૪ મિશન માટે તાલીમ લીધી. ૨૫ જૂન ૨૦૨૫ના રોજ ફ્લોરિડાથી સ્પેસએક્સ ડ્રેગન કેપ્સ્યુલ પર લોન્ચ કર્યા પછી તેઓ ૨૬ જૂને આઈએસએસ પહોંચ્યા. ૧૫ જુલાઈના તેઓ પૃથ્વી પર પાછા ફર્યા હતા. હવે તેઓ અમેરિકાથી ભારત પરત આવવાના છે. રવિવારે તેઓ આવી વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરશે. ત્યાર બાદ વતન લખનૌની મુલાકાત કરશે. ભારતને અવકાશમાં નવી ઊંચાઈઓ પર લઈ જવાનો સંદેશ પણ આપે છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપીંગનું નામ લઈને કહી મોટી વાત, કહ્યું - જ્યાં સુધી હું રાષ્ટ્રપતિ છું, ત્યાં સુધી ચીન....



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન અને તાઈવાન વચ્ચેના તણાવ પર એક મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે જણાવ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેમને ખાતરી આપી છે કે જ્યાં સુધી તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ પદે રહેશે, ત્યાં સુધી ચીન તાઈવાન પર કોઈપણ પ્રકારનો હુમલો કરશે નહીં. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી, જે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની તેમની મુલાકાત પહેલા આપવામાં આવ્યો હતો.

૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેમને ખાતરી આપી છે કે જ્યાં સુધી તેઓ સત્તામાં છે, ત્યાં સુધી ચીન તાઈવાન પર હુમલો નહીં કરે. ટ્રમ્પે જણાવ્યું કે જિનપિંગે ધીરજ રાખવાની વાત પણ કહી. ચીન, જે તાઈવાનને પોતાનો પ્રદેશ માને છે, તેણે આ મુદ્દાને અમેરિકા-ચીન સંબંધોમાં સૌથી સંવેદનશીલ ગણાવ્યો છે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે તાઈવાન પર હુમલાની આશંકા વધી રહી છે.

ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેમને સ્પષ્ટ શબ્દોમાં ખાતરી આપી છે કે જ્યાં સુધી તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ છે, ત્યાં સુધી ચીન તાઈવાન પર હુમલો નહીં કરે. ટ્રમ્પે આ નિવેદનને ખૂબ જ સારું ગણાવ્યું અને કહ્યું કે તેઓ આની પ્રશંસા કરે છે. જોકે, તેમણે એ પણ ઉમેર્યું કે જિનપિંગે તેમને જણાવ્યું કે તેઓ અને ચીન બંને ખૂબ જ ધીરજવાન છે.

આ નિવેદન દર્શાવે છે કે ટ્રમ્પ તેમના કાર્યકાળ દરમિયાન આ મુદ્દે કોઈ સીધી કાર્યવાહી ન થવાની અપેક્ષા રાખે છે.

## ઈન્ડિગો પ્લેનનો પૂંછડીનો ભાગ રનવે સાથે અથડાયો

શનિવારે મુંબઈ એરપોર્ટ પર ઈન્ડિગોના A૩૨૧ વિમાનનો પૂંછડી ભાગ રનવેને સ્પર્શી ગયો હતો. એરલાઈન્સે જણાવ્યું હતું કે ખરાબ હવામાનને કારણે, પાયલટે લેન્ડિંગ કરવાને બદલે ફરી ટેકઓફ કરવાનું નક્કી કર્યું. આ દરમિયાન, વિમાનનો પૂંછડી ભાગ રનવે સાથે અથડાઈ ગયો.

ઈન્ડિગોએ એક નિવેદન જારી કરીને કહ્યું કે- આજે A૩૨૧ વિમાને ઓછી ઊંચાઈએ ગોઅરાઉન્ડ કરવામાં આવ્યું. આ દરમિયાન તેની પૂંછડી રનવેને સ્પર્શી ગઈ. બાદમાં બીજા પ્રયાસમાં વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું. એરલાઇન્સે કહ્યું, આ પહેલા ૨૧ જુલાઈના રોજ, એર ઈન્ડિયાનું AI૨૭૪૪ વિમાન મુંબઈ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન રનવે પરથી લપસી ગયું હતું. આ વિમાન કોચીથી મુંબઈ



આવ્યું હતું. મુંબઈમાં ભારે વરસાદને કારણે રનવે લપસણો હતો, જેના કારણે વિમાન રનવેથી ૧૬થી ૧૭ મીટર દૂર ઘાસ પર ઉતરી ગયું હતું.

તસવીરોમાં વિમાનના જમણા એન્જિનના નેસેલ (ઢાંકણ)ને નુકસાન થયું હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

આ ઘટના પછી, વિમાનને પાર્કિંગ લોટમાં લાવવામાં આવ્યું હતું, જ્યાં તમામ મુસાફરો અને ક્રૂ સભ્યોને નીચે ઉતારવામાં આવ્યા હતા. આ દરમિયાન વિમાનના ત્રણ ટાયર ફાટી ગયા હતા.

એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે આ અકસ્માતમાં કોઈ મુસાફર કે ક્રૂ મેમ્બરને નુકસાન થયું નથી. જોકે, મુંબઈ એરપોર્ટના મુખ્ય રનવે, ૦૯/૨૭ને નુકસાન થયું છે. રનવે પર ફ્લાઈટની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. રનવે પર ત્રણ સાઈન બોર્ડ અને ચાર લાઈટ પણ તૂટી ગઈ છે.

## તંત્રી લેખ......

# મિનિમમ બેલેન્સના નામે બેંકો કરે છે કરોડોની કમાણી! આંકડા જાણીને ચોંકી જશો!

એક તરફ, જ્યારે દેશની મોટાભાગની બેંકોએ મિનિમમ બેલેન્સની ઝંઝટ દૂર કરી દીધી છે, ત્યારે ઘણી બેંકો એવી છે જે ખાતામાં મિનિમમ બેલેન્સ ન હોય તો દંડ વસૂલ કરે છે.

ICICI બેંકે તેની મિનિમમ બેંક બેલેન્સ મર્યાદા વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરી છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમારા ખાતામાં મિનિમમ બેલેન્સ ન રાખવાથી બેંકો કેટલી કમાણી કરી રહી છે?

છેલ્લા પાંચ વર્ષમાં, ભારતની જાહેર ક્ષેત્રની બેંકોએ મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ ગ્રાહકો પાસેથી દંડ દ્વારા લગભગ ૯,૦૦૦ કરોડ રૂપિયા કમાયા છે. હા, આ વાતનો ખુલાસો નાણા રાજયમંત્રી પંકજ ચૌધરીએ સંસદમાં કર્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધી, જાહેર ક્ષેત્રની બેંકોએ મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ ૮,૯૩૨.૯૮ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. આ રકમનો મોટો હિસ્સો એવા ગ્રાહકો પાસેથી આવ્યો હતો જેઓ તેમના બચત ખાતામાં મિનિમમ રકમ જાળવી શક્યા ન હતા.

આ સમયગાળા દરમિયાન ઈન્ડિયન બેંકે સૌથી વધુ ૧,૮૨૮ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો. પંજાબ નેશનલ બેંક એ ૧,૬૬૨ કરોડ રૂપિયાનો દંડ જમા કરાવ્યો અને બેંક ઓફ બરોડાએ ૧,૫૩૧ કરોડ રૂપિયાનો દંડ જમા કરાવ્યો. કેનેરા બેંકે ૧,૨૧૨ કરોડ રૂપિયા અને બેંક ઓફ ઈન્ડિયાએ ૮૦૯ કરોડ રૂપિયા વસૂલ્યા. જોકે, દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ ૨૦૨૦માં જ મિનિમમ બેલેન્સ દંડ નાબૂદ કરી દીધો હતો.

ન્યૂનતમ બેલેન્સ અથવા સરેરાશ માસિક બેલેન્સ એ ન્યૂનતમ રકમ છે જે તમારે દર મહિને તમારા ખાતામાં રાખવાની હોય છે. જો આ રકમ ખાતામાં ઓછી હોય, તો બેંકો દંડ વસૂલ કરે છે. આ રકમ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બદલાય છે. ઉદાહરણ તરીકે, પંજાબ નેશનલ બેંકમાં, શહેરી વિસ્તારો માટે ન્યૂનતમ બેલેન્સ ૨,૦૦૦ રૂપિયા, નાના શહેરોમાં ૧,૦૦૦ રૂપિયા અને ગ્રામીણ વિસ્તારોમાં ૫૦૦ રૂપિયા છે. આના આધારે દંડ ૧૦૦ થી ૨૫૦ રૂપિયા સુધી પણ હોઈ શકે છે.

SBI, કેનેરા બેંક, બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંક, ઈન્ડિયન બેંક, બેંક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા પછી આ બેંકોએ પણ મિનિમમ બેલેન્સ દંડ માફ કર્યો છે. તેનો હેતુ એ છે કે વધુને વધુ લોકો બેંકિંગ સુવિધાઓ સાથે જોડાય, ખાસ કરીને ગ્રામીણ અને નાના શહેરોમાં. નાણા મંત્રાલયે બેંકોને ગ્રામીણ વિસ્તારોના ગ્રાહકોને રાહત આપવા માટે આવા દંડ ઘટાડવા અથવા દૂર કરવાની સલાહ પણ આપી છે

# સરદાર ખાંટ ની મુવાડી પ્રા શાળામાં થઈ ઉજવણી



કિરિટ ખાંટ

શિક્ષકશ્રી જગતસિંહ ખાંટ અને શ્રી મતી મનીષાબેન પટેલ સમસ્ત ગ્રામજનો અને શાળાના બાળકો વચ્ચે દેશની ૭૯મી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી.

-અખંડ ભારત

# પ્રતિભા શાળી શિક્ષક તરીકે મનોજ ભાઈ ભુરીયા ને પ્રમાણપત્ર એનાયત



હસમુખ પ્રજાપતી બાંડીબાર

મોટી બાંડીબાર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ભુરીયા મનોજકુમાર ગોવિંદભાઈ જેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહ અભ્યાસિક પ્રવૃતિ, સામાજિક ક્ષેત્રે વગેરેમાં ઉત્સાહપૂર્વક સક્રિયયોગદાન આપેલ છે.જે બદલ આજરોજ મોટી બાંડીબાર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મિત્તલબેન લબાના ના હસ્તે પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું અને અભિનંદન પાઠવવામાં આવ્યા

# બાલાસિનોર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્યદિનની ઉજવણી વડદલા ખાતે કરવામાં આવી



૭૯માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે તાલુકા કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ શ્રી ભારતીય વિદ્યામંદિર વડદલા ખાતે યોજાયો હતો જેમાં પ્રાંત અધિકારી શ્રી એમ એમ વસાવા સાહેબ તથા મામલતદાર શ્રી આર વી વાઘેલા સાહેબ તથા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી સવિતાબેન ચૌહાણ તથા તાલુકા વિકાસ અધિકારી શ્રી અવનીબેન તબીયાર તથા વડોદરા જિલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ (પપ્પુભાઇ) પાઠક , મહીસાગર જિલ્લા કિસાન મોરચા પ્રમુખ દિનેશભાઈ પટેલ (દિનશા), જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ના પ્રતિનિધિ પુરુષોત્તમભાઈ ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય બીપીનભાઈ પરમાર, વડદલા સરપંચના પ્રતિનિધિ તુલસીભાઈ પરમાર, વડદલાના અગ્રણી વી. કે. પરમાર અને રાજકીય આગેવાનો કાર્યકરો અને ગ્રામજનો તથા શાળા ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધ્વજ વંદન કર્યું હતું તેમજ શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

......અખંડ ભારત

# ધાનેરા તાલુકાના ધાખા ગામમાં આવેલ શીતળા માતાના મંદિરે શ્રાવણ મહિનાની સાતમના પાવન અવસરે ભાતીગળ લોકમેળો ભરાયો





રાહુલ ડાભી

આ ધાર્મિક મેળામાં હજારોની સંખ્યામાં ભાવિભક્તો માતાજીના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.મંદિર પ્રાંગણમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ માતાજીને ફૂલ, પ્રસાદ અર્પણ કરીને પોતાની મનોકામનાઓ વ્યક્ત કરી.

- અખંડ ભારત

# હાથી ઘોડા પાલખી જય કનૈયાલાલ કી..... કૃષ્ણમ્ વંદે જગદ્ ગુરું...સૌને જન્મ આપનારા કૃષ્ણને હેપ્પી બર્થ ડે

જય શ્રી કૃષ્ણ....મિત્રો,કૃષ્ણ જન્માષ્ટમી ઉપર કૃષ્ણ વિશે ભાષ્ય કરવું એ મારા જેવા તુચ્છ જીવાત્માના હાથની વાત નથી. લગભગ વિશ્વના તમામ અર્વાચીન, પ્રાચીન, હયાત અને બિનહયાત કવિઓ, લેખકોએ કૃષ્ણને પોત પોતાની રીતે મૂલવ્યો છે!!!. માટે એના વિશે કંઈ લખવા માટે પ્રભુને મારી લાજ રાખવા વિનંતી કરું છું. પ્રેમનો મતલબ સમર્પણ હોય છે ઉદ્દેશ નહીં એ સમીકરણ આપનાર આ જગદ્પિતા ની માફી સાથે...

કૃષ્ણને અખીલાઈમાં પચાવવા અઘરા છે. અને એટલા માટે જ કદાચ એમણે જન્મવા માટે આઠમ પસંદ કરી હશે!!!! કૃષ્ણ એક કોયડો છે. સીધી નહીં તો વાંકી આંગળીએ ઘી કાઢી શકે તે કૃષ્ણ. સાહજીક અને પ્રાકૃતિક તો ખરા જ પણ એ પુરુષ નહીં મહાપુરુષ છે. કૃષ્ણ કોઈ વાદ,મત કે વિચારધારા આપતા નથી, એ તો રણ મેદાનમાં પણ ગીતાજ્ઞાન આપી શકનાર શ્રેષ્ઠ શિક્ષક છે. કૃષ્ણ ક્યારેય સંજોગો સામે રામની જેમ વર્તન ના કરે, એ તો સંજોગોને તોડીને જ બતાવે. આદર્શ જીવન એ તેમનો સિદ્ધાંત નથી પરંતુ જીવનને આદર્શ કેવી રીતે બનાવવું એ કૃષ્ણ શીખવે છે. કૃષ્ણ યુગદ્રષ્ટા છે, યુગ રચયીતા નથી!!!

જરૂરિયાત મુજબ યુદ્ધત્વ અને બુદ્ધત્વ બંનેનો પરિચય કૃષ્ણ કરાવી શકે તેમ છતાં પોતે આખી જિંદગી જન્મથી મૃત્યુ સુધી વિવાદોમાં જ રહ્યા છે. કૃષ્ણ આદર્શ મર્યાદાઓના પાલક નથી પરંતુ પરંપરા ભંજક છે. જેવી જરૂર એવો નિણર્ય કરનારા કૃષ્ણ શૃંગાર કરે છે પણ વિલાસી નથી. યુદ્ધ કરે છે પણ હિંસા નથી કરતા. ખેડૂત અને ખેતરપાળ બંનેનો રોલ ભજવી શકનાર કૃષ્ણને ઓળખવા ખૂબ મુશ્કેલ છે, કારણ કે સુદર્શન ચક્રધારી એક સામાન્ય પારધી વડે ભૂલથી ચલાવાયેલા બાણથી મૃત્યુ પામે તે જ સમજાતું નથી.

જયાં અધર્મ છે ત્યાં ધર્મની સ્થાપના માટે કૃષ્ણ હાજર રહેવાનુ વચન આપતાં પણ અચકાતા નથી.રાત્રે જન્મ, કાળો વાન, છતાં પણ કૃષ્ણના બધા જ કાર્યો (પ્રેમ પણ) જગજાહેર!!!!

કૃષ્ણ માનવ હતા એટલા જ મહામાનવ હતા. મુખ ઉપર સ્મિત અને દિમાગમાં દાવપેચ એ એમની ખાસિયત છે અને એવી ખાસિયત વાળાઓને તો આજે પણ સમાજમાં અલગ રીતે ઓળખવામાં આવે છે. કૃષ્ણે બધાને સુખી કર્યા છે એ પણ જુદા જુદા ભાવ થી, કોઈને મિત્ર, કોઈને ભાઈ કે સખા ભાવે તો, કોઈને ઉપદેશથી, વચનથી,હૃદયના પ્રેમથી, સ્મિતથી, સુદર્શન ચક્રથી કે મોરલી થી જોકે અંગત જીવનમાં કૃષ્ણે ઘણા દુઃખ પણ ભોગવ્યા છે!!!.છતાંય દરેક ને મદદ કરવા અગ્રેસર રહ્યા છે.

દ્રૌપદીના વસ્ત્રો પુરવા, દુર્વાસાનું પેટ ભરવા, પાંડવો માટે ભેજા નું દહીં કરવા, સ્વજનોને મદદ કરવા, યાદવ પ્રજાને ઉગાળવા, આબરૂ માટે સગા એવા શિશુપાલની હત્યા કરવા,પાંડવો માટે



શાંતિ દૂત બનવા, સારથી બનવા, કર્ણથી અપમાનિત થવા, સુભદ્રાનું અપહરણ કરવા, સગાભાણા અભિમન્યુના મોતનું કારણ બનવા, ગાંધારીના શ્રાપ સાંભળવા અને યુધ્ધના મેદાન મધ્યે જગતના ભલા માટે ગીતાના કથાકાર બનવુ એ પણ માત્ર એક શ્રોતા માટે...... ધન્ય છે એવા કૃષ્ણને. એમને ઉલ્લેખવા કે સમજવા માટે આપણે ખૂબ નાના પડીએ!!!! એ રસેશ્વર કૃષ્ણ હોય કે યુદ્ધેશ્વર કૃષ્ણ હોય કારણ કે કૃષ્ણએ પરિસ્થિતિ મુજબ જજમેન્ટ લેનાર લીડર પણ હતા. કૃષ્ણ કોઈકના પરમ સખા હતા, તો કોઈકના પ્રિય હતા. કોઈકના પતિ પરમેશ્વર હતા, તો કોઈક પરમ ભક્તના સર્વેસરવા હતા.

ગાંધીજીએ ગીતા ઉપરથી સત્ય અને અહિંસાના ઉપદેશને જગ વિખ્યાત કર્યો પરંતુ એ જ ગાંધીજીના ઈષ્ટદેવ તો રામ હતા કૃષ્ણ નહીં. સમજાય છે ને આ વાત !!!! કૃષ્ણ ઈષ્ટ થી પણ વિશિષ્ટ સ્વરૂપે જગત સમક્ષ પ્રસ્તુત થયા છે . એ બાળ રૂપે પણ પૂજાયા છે અને પૂર્ણ પુરુષોત્તમ રૂપે પણ પૂજાયા છે .કૃષ્ણને જાણવા એ તો અઘરું છે જ પણ એથી એ વિશેષ અઘરું કૃષ્ણને વર્ણવા એ છે.

જગતનો દરેક લેખક કૃષ્ણને વર્ણવા માટે નાનો પડ્યો છે. કૃષ્ણને કયાંથી શરૂ કરવા અને કયા પૂર્ણ કરવા એ જાણવું ખૂબ અઘરું છે. ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં અને છઠ્ઠા શ્લોકમાં કૃષ્ણ કહે છે જે પરાણે ઈન્દ્રિયોનું દમન કરી મનમાં ભોગનું ચિંતન કરે છે એ મૂર્ખ દંભ કરે છે હવે વિચારી લો કે કૃષ્ણ વિશે શું વિચારવું ? અને શું લખવું?

કૃષ્ણ એ યુગો યુગો સુધી માનવીની સમજથી પર રહેલા છે. કૃષ્ણએ પોતાની લીલા સંકેલી એ કોયડો જ કોઈના થી ઉકેલી શકાય એવો નથી. આ પરમ કૃપાળુ પરમાત્માએ પ્રગટ થવા જેલ પસંદ કરી એ કોયડો પણ કોઈનાથી ઉકેલી શકાય એમ નથી. જગતની દરેક સમૃદ્ધ વિચારશીલ અને પ્રગતિશીલ પ્રજાને હંમેશા માટે પોતિકા લાગે એવા કૃષ્ણ જન્માંતર સુધી જગતમાં સુપર હીરો ની જેમ રહેશે. કૃષ્ણને તું કહો કે તમે કહો, કૃષ્ણને કરવું હોય તેમ કરે એવું કહો કંઈ જ ફેર પડતો નથી!!! સગા મામા કંસ ની હત્યા કરવા પણ જેણે પ્રેરણા આપી હોય એવા આ ભાણાને સમજવો કઠિન છે!!!!

કર્ણને કહ્યું હતું કે હે કર્ણ હું ખુદ વિશ્વ વિધાતા, મહાશક્તિમાન, સર્જનહાર, પાલનહાર, યાદવ કુળ નો વંશજ તારા ચરણોમાં ઝૂકીને તારી સેવા કરીશ...જો તું દુર્યોધનનો સાથ છોડીશ તો. આવા અદભુત પ્રલોભન પછી પણ કર્ણ કૃષ્ણનું આ પ્રલોભન નકારે છે અને કૃષ્ણની ગરિમા નીચી જાય છે. છતાં પણ કૃષ્ણ નાસીપાસ દેખાતા નથી. એટલે તો મહારથીઓના પણ મહારથી ગણાય એવા કૃષ્ણએ શા માટે સામે ચાલીને સારથીની ભૂમિકા ભજવી હશે? તે સમજવું અચરજમાં મૂકી દે છે .જન્મથી માંડીને મૃત્યુ સુધી સહેજ પણ વિરામનો શ્વાસ ના લેનાર આ જગત્ પુરુષને કોઈ પણ દુશ્મન ન હતા અને છતાં બીજાઓ માટે દુશ્મની વહોરી લેનાર કૃષ્ણને ઓળખવા ખૂબ અઘરા છે. પોતાના ભાઈ બલરામનું મોત પણ કાવ્યાત્મક છે .જ્યારે હું કાળ છું એવું કહેનાર કૃષ્ણનું મોત સાવ સામાન્ય....અંતે પોતે જ કાળની સામે ઝુકાવી દે છે પોતાની જાતને!!!ધન્ય છે, આવી વિરલ વ્યક્તિત્વ ધરાવતી સનાતન ધર્મની યુગદ્રષ્ટા શક્તિને. આજે કૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે આખે આખા કૃષ્ણને વર્ણવી શકાય તેમ મનની અંદર વિચારોનું ઘોડાપૂર ઊંમટયુ છે પરંતુ.......મારી કલમને વિરામ આપવો પડશે જ..

છતાં એટલું કહીશ કૃષ્ણએ જયારે પોતાના અંતિમ સમયમાં કુટુંબીજનોને નજર સામે લડતા અને ઝઘડતા, કપાતા, મરતા જોયા, ભાઈએ દેહ ત્યાગ કર્યો, યાદવ યોદ્ધાઓએ કૃષ્ણની કોઈ વાત માની નહીં, ત્યારે જીવનની અંતિમ ક્ષણોમાં ખુદ પોતાની જાતે થાકીને માંડ પીપળાના વૃક્ષ નીચે આરામ કરવા આંખો મીચી અને એક અજાણ્યા માણસે અજાણતા જ મારેલા બાણે તેમના પ્રાણ હરી લીધા.......ખરેખર જગતના તમામ તત્વચિંતકોએ કૃષ્ણને ઓળખવા પોતાની કલમો ને ઘસી નાખી છે. હજુ સુધી તાળો મળ્યો નથી .એ પછી યુદ્ધમાં સારથી બનેલો કૃષ્ણ હોય, બાળ લીલા કરતો કૃષ્ણ હોય, ગોપીઓ વચ્ચે રાસ રમતો કૃષ્ણ હોય કે પોતાના સખા માટે ઉઘાડે પગે દોડતો કૃષ્ણ હોય.... ધન્ય છે.

ભારતીય સંસ્કૃતિના આ જગત પિતાએ પોતે જાતે વિવાદોમાં રહ્યા બાદ પણ આપણને જીવન જીવવાની ચાવીઓ આપી છે.... વાચકો ની ક્ષમા પ્રાર્થના સાથે કદાચ કયાંક ભુલો પડયો હોઉં તો.... ચાલો, નંદ ઘેર આનંદ ભયો,જય કનૈયા લાલ કી, હાથી થોડા પાલખી.. નંદ મહોત્સવ માટે સૌને ....રામે. રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# થરાદમાં ગૌ ધર્મ સભા



પ્રતિનિધિ...થાનાજી રાજપુત

થરાદના દિપડા ગામમાં કૃષ્ણ જન્માષ્ટમીના શુભ અવસર પર ગૌ ધર્મ સભાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં બે મહાનુભાવોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. રામાભાઈ રાજપૂતને 'ગૌ સાંસદ' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. સાથે જ દુદાભાઈ પટેલને થરાદ મતવિસ્તાર માટે 'ગૌ વિધાયક' તરીકેની જવાબદારી સોંપવામાં આવી. કાર્યક્રમમાં વક્તાઓએ ભગવાન શ્રી કૃષ્ણની ગૌ પ્રેમની વાત કરી. તેમણે જણાવ્યું કે કૃષ્ણ જન્માષ્ટમીનો દિવસ ગૌ સેવા માટે સમર્પણનો શ્રેષ્ઠ અવસર છે. સભામાં એક મહત્વપૂર્ણ પ્રતિજ્ઞા લેવામાં આવી. આગામી તમામ ચૂંટણીઓમાં માત્ર એવા જ ઉમેદવારોને મત આપવામાં આવશે જે ગૌ સંરક્ષણ પ્રત્યે પ્રતિબદ્ધ હોય. વક્તાઓએ સ્પષ્ટ કર્યું કે ગૌ કલ્યાણ માટે કાર્ય ન કરનારા ઉમેદવારોને મત આપવામાં નહીં આવે. કાર્યક્રમનું મુખ્ય લક્ષ્ય ગૌ હત્યા સંપૂર્ણપણે બંધ કરાવવાનું અને ગાયને રાષ્ટ્ર માતા તેમજ રાજ્ય માતાનો દરજ્જો અપાવવાનું જણાવવામાં આવ્યું.....અખંડ ભારત

# જન્માષ્ટમીના ના પર્વે ૧૧મુખી હનુમાનજી ધામ ભૂરિયા ખાતે વિશ્વ કલ્યાણ માટે ૨૫૧મો સુંદરકાંડ પાઠ યોજાયો



કિશોર દવે

થરાદ તાલુકાના ભૂરિયા ગામે મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ ઘેવરદાસજી મહારાજના સત સંકલ્પથી બનાસકાંઠા પંથકને ગૌરવ લઈ શકાય તેવી ૧૧મુખી હનુમાનજીની પથ્થરમાંથી નિર્મિત ભારત વર્ષની પથ્થરમાંથી નિર્મિત ૩૧ફૂટ ઉંચી એક માત્ર વિરાટ પ્રતિમા નિર્માણ પામીછે આશ્રમના મહામંડલેશ્વર ઘેવરદાસજી મહારાજ દ્વારા કોરોના કાલથી વિશ્વ કલ્યાણ માટે દર શનિવારે સુંદરકાંડ પાઠ કરવાનો સંકલ્પ કરેલ તેના અનુસંધાને સતત ૨૫૧મા શનિવારે પવિત્ર શ્રાવણ માસ ના જન્માષ્ટમી ના પાવન પર્વે પૂજ્ય ઘેવરદાસ બાપુના કંઠે સુંદરકાંડ પાઠ યોજાયો હતો પૂ બાપુ છેલ્લા એક વર્ષથી અન્ન નો ત્યાગ કરી હનુમાનજીની આરાધના કરી રહ્યા છે ૧૧મુખી હનુમાનજી મહારાજ ના અપરંપાર પરચાઓને કારણે શનિવારે તથા અત્યારે પવિત્ર શ્રાવણ માસ તથા જન્માષ્ટમી ના તહેવારો ચાલી રહ્યો હોઈ હનુમાન ભકતો નો માનવ મહેરામણ ઉમટી રહ્યો છે ૧૧મુખી હનુમાનજીની વિરાટ મૂર્તિ ના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.... અખંડ ભારત

# લોક વિજ્ઞાન કેંદ્ર ના સંયોજકો માટે રાજ્ય કક્ષાનો "ઓરિએન્ટેશન પ્રોગ્રામ" યોજાયો



રિપોર્ટર ઘિસારામ ચૌધરી

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી(ગુજકોસ્ટ), ગાંધીનગર પ્રેરીત ""પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ડાંગ" દ્વારા ગુજકોસ્ટ, ગાંધીનગર ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાત રાજયના દરેક જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના સંયોજક અને વિજ્ઞાન પ્રચારકો માટે જંગલ શાસ્ત્ર આધારીત બે દિવસીય ઓરીએન્ટેશન કાર્યક્રમ નું આયોજન તા. ૧૨ અને ૧૩ મી ઓગસ્ટ ૨૦૨૫ મંગળવાર અને બુધવારે સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર, માલેગામ સાપુતારા ખાતે યોજાયો. ઉપરોક્ત કાર્યક્રમ માં ગુજકોસ્ટ કચેરીના પ્રોગ્રામ ઓફિસરશ્રી પાવિત શાહ સાહેબ ખાસ ઉપસ્થિત રહયા હતાં. કાર્યક્રમમાં ડો. જિતેન્દ્રભાઈ ગવળી (જંગલ શાસ્ત્ર) ડો. ધવલભાઇ વરગીયા (પક્ષી), અને શ્રી. વિશાલભાઇ ઠાકોર (વન્ય પ્રાણી ) દ્વારા વિષય આધારીત પ્રવચનો થકી ઉપસ્થિત સહભાગીઓને માહિતગાર કર્યા.ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન સહભાગીઓને પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેંદ્ર-ડાંગ, આયુર્વેદ હોસ્પિટલ, અને આયુર્વેદ ફાર્મસી આહવા ની મુલાકાત કરાવવામાં આવી. આયુર્વેદ હોસ્પિટલ, અને આયુર્વેદ ફાર્મસી આહવાના નિયામકશ્રીઓ દ્વારા સારો સહકાર મળ્યો હતો.ઉપરોક્ત કાર્યક્રમ માં પ. પૂ. પી. પી. સ્વામીજી દ્વારા ઉપસ્થિત સહભાગીઓને ડાંગ જિલ્લામાં રહેતા વનવાસી સમાજ અને તેમની જીવન પધ્ધતી, રહેન-સહેન વિશે વાતો અને કાર્યક્રમ માટે આશિર્વચન આપી પ્રોત્સાહિત કર્યા હતાં. કાર્યક્રમમાં આવેલ સહભાગી માટે ભોજન તથા નિવાસ વ્યવસ્થા પ્રયોશા પ્રતિષ્ઠાન દ્વારા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન જુનાગઢ જિલ્લાના સંયોજકશ્રી પ્રતાપભાઇ ઓરા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડાયરેક્ટર તથા વૈજ્ઞાનિકસલાહકારશ્રી મા. ડો. નરોત્તમસાહુસાહેબ,વૈજ્ઞાનિક પ્રોગ્રામ ઓફિસરશ્રી પાવિતભાઇ શાહ(ગુજકોસ્ટ), આરોગ્ય અધિકારીશ્રી, આયુર્વેદ હોસ્પિટલ, નિયામકશ્રી, આયુર્વેદ ફાર્મસી, આહવા, પ. પૂ. પી. પી. સ્વામીજી, પ્રયોશા પ્રતિષ્ઠાન, તેમજ રીસોર્સ પર્સન તથા સંયોજકોનો આભાર પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ડાંગ ના સંયોજકશ્રી રતિલાલભાઇ સૂર્યવંશી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સફળ કરાવા આઇ. પી. ઓફિસર શ્રી સંજયભાઇ જે. બાગુલ તથા સાથી સહાયકશ્રી કમલેશભાઇ એલ. થવીલ દ્વારા વધારે જહેમત ઉઠાવવામાં આવી હતી.... અખંડ ભારત

# શામળાજી પાસે બોલેરો એકટીવા સાથે અકસ્માત



રીપોટર સંજીવકુમાર શર્મા

રાજસ્થાન તરફથી રોંગ સાઈડથી આવી રહેલી મહેન્દ્રા બોલેરો જીપ નં. GJ-૦૯ BN ૪૧૯૬ અને ટક્કર મારતા પૈસા એકટીવા સ્કૂટર નં. GJ-૦૯ DM ૧૯૩૬ વચ્ચે રતનપુર ચેકપોસ્ટથી અંદાજે ૪૦૦ મીટર આગળ ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એકટીવા ચાલકને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળ પર જ તેમનું દુઃખદ અવસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ તંત્ર ઘટના સંગળી દોડી આવ્યું હતું અને આગળની કાર્યવાહી હાથ ધરી છે......અખંડ ભારત

# મોડાસાના ચારણવાડા ગામે પ્રાથમિક શાળામાં ૭૯ મા સ્વાતંત્ર્ય દિવસની નવનિયુક્ત સરપંચ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો..



પરમાર કોકિલાબેન

સમસ્ત ગ્રામજનો તેમજ પંચાયતના સદસ્યશ્રીઓ તેમજ શાળાના શિક્ષકો અને વિધાર્થીઓએ ખુબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.. આજરોજ સમગ્ર દેશમાં ૭૯ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ધામધૂમ રીતે ઉજવાઈ હતી જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ચારણવાળા ગામે ગામના નવનિયુક્ત યુવા સરપંચશ્રી મંગુસિંહ ગોબરસિંહ પરમારના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ ઉજવાયો હતો.આ કાર્યક્રમમાં સમસ્ત ગ્રામ જનો,પંચાયતના સભ્યો તેમજ શાળાના શિક્ષકો અને વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ધ્વજવંદન બાદ સરપંચશ્રી દ્વારા બાળકોને અભ્યાસ અને કારકિર્દી વિશે માહિતી આપી હતી.ત્યારબાદ વિદ્યાર્થીઓ ને તેમના હસ્તે ચોપડા વિતરણ કરી બાળકોનો આભાર માન્યો હતો.

ગામના લોકોએ પણ ખૂજબ ઉત્સાહભેર સરપંચની લાગણીઓને વધાવી હતી અને ત્યારબાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરેલ હતી.

# ઉમતા ની દિકરીઓને રાષ્ટ્રીય ગૌરવ, મહેસાણામાં વિધાનસભા અધ્યક્ષે આપ્યું સન્માન



રિપોર્ટર : અંકિત દેસાઇ

શ્રી એમ.કે.વ્યાસ હાઈસ્કુલ અને શ્રી વી એમ પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ ઉમતા ની ખેલાડીઓ નિરવી એચ.નાયક અને જાનકી પી. ઠાકોર ને કોચ ગેમરભાઇ પટેલ ના માર્ગદર્શન માં વર્ષ ૨૦૨૪-૨૫ સેપક ટકરાવ રમતમાં રાષ્ટ્રકક્ષાએ બ્રોન્ઝ મળવા બદલ મહેસાણા જિલ્લાકક્ષાના ૭૯ માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે બંને દિકરીઓને આમંત્રણ પાઠવીને વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને શ્રી નિતિનભાઇ પટેલ દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવતા શ્રી વિ.ડી.પટેલ શિક્ષણ સંકુલ તથા ઉમતા ગામ માં આનંદ છવાઈ ગયો - અખંડ ભારત

# દેધરોટા ગામે રામજી મંદિરમાં મટકી ફોડ નો ઉત્સવ ઉજવાયો



રિપોટર : નરેન્દ્ર પંડ્યા

દેધરોટા ગામે રામજી મંદિર માઁ જન્માષ્ટમી નિમિતે મટકી ફોડનો કાર્યક્રમ ઉજવાયો જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા અને ખુબજ ઉત્સાહ પૂર્વક મટકી ફોડનો કાર્યક્રમ સવારે કરવામાં આવ્યો રાત્રે મંદિરમાં ભજનનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો. રાત્રે ૧૨ કલાકે ક્રિષ્નભગવાનનો કેક કાપી જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. ખુબજ મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

અખંડ ભારત

# અરવલ્લી ના માલપુર તાલુકા ની પરસોડા પ્રાથમિક શાળામાં રાષ્ટ્ર્ધ્વજ નું વંદન કરવામાં આવ્યું



રાજેન્દ્ર મકવાણા, જતીન જોશી

આજ રોજ પરસોડા ગ્રુપ ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી સેજલબેન વસંતભાઈ પાંડોર અને પૂર્વ સરપંચ કનુભાઈ એસ પાંડોર સ્કૂલ ના સ્ટાફ ના આચાર્યશ્રી સંગીતાબેન ગોર સ્ટાફ વિનોદકુમાર આર પટેલ .ડાયાભાઈ કે ડાભી . ભરતભાઈ એ ડામોર . હર્ષદભાઈ આર પટેલ .હસમુખભાઈ ડી પરમાર સહિત નો સ્ટાફ સાથે આજ રોજ ગ્રામ જનો ની ઉપસ્થિતિ માં આજ રોજ રાષ્ટ્રધ્વજ ફરકાવી ને દેશ નું સન્માન કરવામાં આવ્યું દેશ માટે બલિદાન આપનાર યોધ્યાઓ ને આ પ્રસંગે યાદ કરવા માં આવ્યા. વિદ્યાર્થી મિત્રો ના વાલી મંડળ ને આવકાર વા માં આવ્યા હતા.

આ કાર્યક્રમ માં સ્કૂલ ના વિદ્યાર્થીઓ દ્વારા નારા લગાવ્યા અને શાળા પરિવાર તરફ થી આવનાર ગ્રામ જનો ને. શાબ્દિક પ્રવચન થી ઉમળકા ભેર સ્વાગત કરવામાં આવ્યું .અખંડ ભારત

# રણોદરાની પ્રા. શાળા ખાતે સ્વતંત્રતા ની ઉજવણી થઈ



ડાભી ચંદ્ર સિંહ

૧૫ મી ઓગસ્ટ નીમતે દસક્રોઈ તાલુકા નાં રણોદરા ગામે પ્રાથમિક શાળામાં ધ્વજ વંદન તેમજ દેશ ભક્તિ ગીત, સાસ્કૃતિક કાર્યક્રમ, અને જેને દેશ માટે બલિદાન આપ્યું છે તેવા શહિદ વીરોને શ્રદ્ધાંજલિ આપી જેમાં મોટી સંખ્યામાં ગ્રામ જનો, શિક્ષકો, સ્કૂલ નાં બાળકો ,યુવાનો , અને દસક્રોઈ તાલુકા ડેલિકેટ શ્રી. અમૃત સિંહ.એફ.ખાંટ હાજર રહ્યા હતાં.

- અખંડ ભારત

# હજનાળી ગામ મા ભગવાન શ્રી કૃષ્ણ ની ભવ્ય



મહેશ સુતરિયા

મોરબી ના હજનાળી ગામ મા ભગવાન શ્રી કૃષ્ણ ની ભવ્ય થી અતિ ભવ્ય રથયાત્રા નુ શ્રી આધ્યાશક્તિ યુવા મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું. જે હિન્દૂ સમાજ ને આધ્યાત્મિક રસ્તે દોરતુ એક ભવ્ય ઉદાહરણ પુરૂ પાડે છે. હિન્દૂ સમાજ ને પ્રેરણા રૂપ ઉદાહરણ આપી ને આપણી હિન્દૂ સંસ્કૃતિ ને ટકાવી રાખી ને આગળ ને આગળ આપણી સંસ્કૃતિ અને આપણો વારસો યુવા પેઢી ટકાવી રાખે અને દર વર્ષે વધુ સારું કાર્ય કરતા રહે તેવી ગ્રામજનોએ સુભેક્ષા પાઠવી.અખંડ ભારત

# શ્રી શ્રધ્ધા વિદ્યાલય ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી



વાદી બળવંત

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય ખાતે ૭૯ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના પટાંગણમાં વાલી શ્રી શેખ ઈમ્તિયાજ દ્વારા ત્રિરંગાને ફરકાવીને સલામી આપવામાં આવી હતી. શાળાનું પટાંગણ દેશ ભક્તિના નારા સાથે ગુંજી ઉઠ્યું હતું. શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના બાળકોએ અલગ અલગ કૃતિઓ રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. વાલી મિત્રો દ્વારા ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આન, બાન અને શાન સાથે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. અખંડ ભારત

# કલોલ તાલુકાના કાંઠા ગામે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી



રિપોર્ટર : કલ્પેશ કુમાર પ્રજાપતિ

શેઠ શ્રી કે.એન. પટેલ હાઈસ્કૂલ કાંઠા ખાતે ૭૯મો સ્વાતંત્ર્ય પર્વ ઉત્સાહભેર ઉજવાયો હતો.ગામના સરપંચશ્રી હરગોવનભાઈ પ્રજાપતિએ ધ્વજવંદન કર્યું હતું. ત્યારબાદ હાઈસ્કૂલની દીકરીઓએ દેશભક્તિ ગીતો અને નૃત્ય રજૂ કર્યા હતા. ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને ઈનામ અને મોમેન્ટો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રીશ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા સર્વેને પ્રસાદ અપાયો હતો. આચાર્યશ્રી કલ્પેશકુમાર આર. પ્રજાપતિએ સ્વાગત પ્રવચન કર્યું હતું.કાર્યક્રમમાં મંડળના સદસ્યશ્રીઓ, ગામના આગેવાનો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખાસ આમંત્રિત મહેમાનોમાં અમદાવાદથી શ્રી કનુભાઈ ચોક્સી, સહમંત્રી શ્રી રાજુભાઈ ચોક્સી, કલોલથી શ્રી ભીખાભાઈ પટેલ તથા ગામના વરિષ્ઠ વડીલ જીવનભાઈ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા મદદનીશ શિક્ષક શ્રી સુરેશભાઈ પટેલ, બહેન ગોપીબેન પ્રજાપતિ, સેવક શ્રી નવીનભાઈ નાયક, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફે મહેનત કરી હતી.કાર્યક્રમના સંસ્મરણોને કેમેરામાં કેદ કરવા ગામના અગ્રણી શ્રી કનુભાઈ પટેલ, શિક્ષક શ્રી વિપુલભાઈ પટેલ તથા શિક્ષિકા શ્રીમતી ગોપીબેને સેવાઓ આપી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક શ્રી હિમાંશુભાઈ પટેલે કર્યું હતું. અંતે શાળા પરિવાર તરફથી સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો. - અખંડ ભારત

# શ્રી બોદાનાનેસ (કદમગીરી) પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્યપર્વ ઉજવણી



રિપોર્ટર : કોતર મનુભાઈ

સરપંચ સાહેબશ્રી ભોજભાઈ કામળિયા દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો તથા બાળકો દ્વારા સ્વાગત ગીત અને પિરામિડ કૃતિઓ રજૂ કરવામાં આવી.સ્વાતંત્ર્યપર્વ નિમિતે અમારી શાળામાં પધારેલ મહેમાન દાતાશ્રી શશીકાંતભાઈ શાહ દ્વારા શાળાના બાળકોને પેન, ફુલસ્કેપ ચોપડો ભેટ આપવામાં આવ્યુ તથા શાળાની દિકરીઓને ડાયમંડ સેટ અને બુટ્ટી આપવામાં આવી. શાળા પરિવારમાં ભાઈઓને બેગ અને બહેનોને પર્સ આપવામાં આવ્યા.આ ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫માં ધો.૩થી૫માં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરવામાં આવ્યા.સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી રંજનબેન પરમાર દ્વારા અને સંચાલન વિવેકભાઈ અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું.સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશપ્રેમ ઉજાગર કરતું વાતાવરણ જોવા મળ્યું. - અખંડ ભારત

# ધ્વજવંદન સાથે ટીમણા શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ



રિપોર્ટર : કોતર મનુભાઈ

૭૯ મા સ્વતંત્ર દિવસ નિમિત્તે ટીમણા પ્રાથમિક શાળામાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી ટીમાણા પ્રાથમિક શાળા સિધેશ્વર વિદ્યાલય નવયુગ શાળા તથા ગણેશ શાળા બાળકો તથા ગામના યુવાનો વડીલો તથા ગામના પ્રથમ નાગરિક સરપંચ શ્રી હાજર રહી ધ્વજવંદન કર્યું હતું તથા બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને દરેક બાળકોને ભોજન વ્યવસ્થા પ્રાથમિક શાળામાં સ્વતંત્ર દિવસ નિમિત્તે કરવામાં આવી હતી - અખંડ ભારત

# સૌરભ સંસ્કાર વિદ્યાલય હિંમતનગર સ્કૂલમાં દેશભક્તિના રંગે રંગાયું, ૭૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણી



દિલીપ કુમાર પ્રજાપતિ

આ પ્રસંગે સૌરભ સંસ્કાર વિદ્યાલય હિંમતનગરના ટ્રસ્ટીશ્રી મોહનભાઈ પટેલ, ટ્રસ્ટી પરિવારના સભ્યો રીટાબેન નિલેશભાઈ પટેલ, અનિતાબેન ભાવેશભાઈ પટેલ, શાળાના આચાર્ય શ્રી સી.વી. પટેલ, શિક્ષક દિલીપ એસ. પ્રજાપતિ સહિત વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક નૃત્ય રજૂ કર્યા હતા. આ અવસરે જગદીશભાઈ પટેલે પોતાના સંબોધનમાં "હર ઘર તિરંગા" અને "હર ઘર સ્વચ્છતા અભિયાન"માં સહભાગી થવા સૌને અપીલ કરી હતી - અખંડ ભારત

# અખંડ ભારત, ભારત માતા નું પૂજન



રિપોર્ટર : પ્રિયંકાબેન પ્રજાપતિ

વિશ્વ હિન્દુ પરિષદ મુંદ્રા નગર મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર ના પ્રાંગણ માં અખંડ ભારત દિવસ નિમિત્તે ભારત માતા નું પૂજન કરવામાં આવ્યુ હતું,

ભારત માતા નાં પૂજન ની શરૂઆત સાંખ્ય યોગી બહેનો દ્વારા વિધિગત પૂજા કરી ને કરવા માં આવી હતી, જેમાં પૂર્વ કચ્છ જિલ્લા સહ મંત્રી ધવલ ભાઈ રાજગોર,ભગીરથ સિંહ રાયજાદા ,વિભાગ સહ મંત્રી મહાવીર જોષી મુન્દ્રા નગર અધ્યક્ષ નરેન્દ્ર સિંહ ઝાલા નગર મંત્રી ભાવેશ ઠક્કર,કાર્યક્રમ ના સંયોજક કેતન ભાઈ ,સુખદેવ સિંહ અસવાર અને નગર ટીમ જીગર રાજગોર ,દલરામ ચોધરી ,મયુર સાધુ,મનોજ શર્મા, દલપત ભાઈ સાથે નગર જનો જોડાયા હતા જેમાં મુન્દ્રા નગર વાસી ખુબ જ બહોળી સંખ્યા માં જોડાયા હતા. મંત્રી શ્રી ભાવેશભાઈ એ જણાવ્યું હતું.

- અખંડ ભારત

# હાથી પગલા પ્રાથમિક શાળામાં ૭૯મો સ્વતંત્રતા દિવસ ઊજવાયો



બુંબડીયા મિરખાન

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાની હાથી પગલા પ્રાથમિક શાળામાં ૭૯મો સ્વતંત્રતા દિવસ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. સવારે શાળાના પ્રાંગણમાં ધ્વજવંદન કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે શાળાના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, કવિતા અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સૌનું મન મોહી લીધું. શાળાના શિક્ષકોએ બાળકોને સ્વતંત્રતા સેનાનીઓના ત્યાગની પ્રેરણાદાયક વાતો કરી. અંતે દરેક વિદ્યાર્થીઓને મીઠાઈ અને નાસ્તો વહેંચવામાં આવ્યો હતો. - અખંડ ભારત

# અરવલ્લી ના માલપુર તાલુકા ના વાવડી ગામે તાલુકા કક્ષા સ્વતંત્ર પર્વ ની ઉજવણી કરવામાં આવી



રપોર્ટર : રમણભાઈ એસ ખાંટ

અરવલ્લી ના માલપુર તાલુકા ના વાવડી ગામે તાલુકા કક્ષા એ સવતત્ર પર્વની ઉજવણી કરવામાં આવી આં. પ્રસંગે માલપુર તાલુકા ના મામલતદાર કચેરી ના મામલતદાર સાહેબ શ્રી માલપુર પોલીસ મથક ના પિયાય દરજી સાહેબ પોલિશ સ્ટાફ હોમગરડ યુનિટ ફોરેસ્ટ વિભાગ ના કર્મચારીઓ જી ઈ બી ના ઈજનેર સાહેબ તાલુકા શિક્ષણ અધિકારી વિભાગ તાલુકા પંચાયતના ભીખાભાઈ અધ્યક્ષ તથા વાવડી ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી અને. મોટી સંખ્યામાં ગ્રામ જનો અને વડીલો હાજર રહ્યા હતા શાળા પરિવાર તરફ થી આવેલ મહેમાન નો ને ફૂલ હાર અને ચાદર ભેટ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું બાળકો એ સ્વાગત ગીત રજૂ કરી ને ને ઉમળકા ભેર સ્વાગત કર્યું આવેલ મહેમાનો દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું ગ્રામ જનો દ્વારા અને શાળા પરિવાર તરફ થી આવેલ મહેમાન નો ને આવકાર્ય અને સન્માનિત કરાયા હતા અને ગ્રામ જનો ઉત્સાહિત બન્યા હતા

# જંબુસર તાલુકાના ઈસ્લામપુર ગામની પ્રાથમિક મિશ્રશાળા માં ૭૯ માં સ્વતંત્ર દિવસની કરવામાં આવી ઉજવણી



પટેલ ફિરદોશ રશીદ યાકુબ આદમ

આજરોજ જંબુસર તાલુકાના ઈસ્લામપુર ગામની પ્રાથમિક મિશ્રશાળા માં ૭૯ માં સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ગામના સરપંચ શ્રીમતી કૈલાશબેન વિઠ્ઠલભાઈ રાઠોડ ના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહેમાનો તરીકે ગામના વડીલો, આગેવાનો , ભૂલકાઓ તથા શાળાના આચાર્યશ્રી કમલેશભાઈ વસાવા તેમજ તલાટી કમ મંત્રીશ્રી વિનોદભાઈ સોલંકી ,એસએમસીના સભ્ય શેહબાજ સિકંદર સાહેલા રૂહાન યાસ્મીન વસીમ વિગેરે હાજર રહયા હતા.. અખંડ ભારત

# જાફરાબાદ તાલુકાની શ્રી પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી



કોતર મનુભાઈ

ગાંધીજી તથા ચંદ્રશેખર આઝાદ જેવા અમર પાત્રોની વેશભૂષા આકર્ષણનું કેન્દ્ર બની શાળાના શિક્ષકશ્રી સંજયભાઈ બારૈયા દ્વારા દરેક બાળકોને રૂ ૯૦૦૦૦ ની કિંમતના બેગ, પેન, બુક અને પાટી આપવામાં આવ્યું. શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળા - અમરેલીમાં ૧૫ મી ઓગસ્ટ એટલે સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં પ્રભાતફેરી, ધ્વજવંદન કાર્યક્રમ, વિવિધ દેશભક્તિ ગીતો તથા નાટકો રજૂ કરવા, શાળાના આચાર્યશ્રી તથા ગામના વડીલો દ્વારા ×રાષ્ટ્ર સર્વોપરી× વિષય પર વક્તવ્ય જેવી બાબતોનો સમાવેશ થાય છે. કાર્યક્રમ અંતર્ગત બાળકો દ્વારા ભગતસિંહ, ગાંધીજી જેવા અમરપત્રોની વેશભૂષા આકર્ષણનું કેન્દ્ર રહી હતી. આ કાર્યક્રમ થતી બાળકોએ દેશના વીર જવાનોના અમર બલિદાનો યાદ કર્યા હતા અને તેમને હંમેશા અમર રાખવાની ભાવના વ્યક્ત કરી હતી.સ્વાતંત્ર પર્વની ઉજવણી થકી શાળામાં દેશભક્તિનું અનોખું વાતાવરણ સર્જાયું હતું. અખંડ ભારત

# અરવલ્લી ની ખારી પ્રા. શાળામા ઉજવાયો સ્વાતંત્ર્ય દિવસ



રાહુલ ભગોરા

ભીલોડા તાલુકાની ખારી જૂથ પ્રાથમિક શાળા માં ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ નિમિત્તે જૂથ શાળા દ્વારા CRC દ્વારા શાળામાં શાળાકીય પ્રવૃતિઓ ,અધ્યાપન, શાળાના વિદ્યાર્થીઓ ને સાથે સહ અભ્યાસિક પ્રવૃતિઓ તેમજ શાળાકીય શ્રેષ્ઠ પ્રવુતિઓ મૂલ્યાંકન કરવામાં આવ્યું જેમાં પરમાર ઈલાબેન ડાહ્યાભાઈ ને શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસદંગી થતાં ગામ નાં સરપંશ્રી,તેમજ શાળા નાં નિવૃત શિક્ષક,તેમજ SMC અધ્યક્ષ નાં વરદહસ્તે શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું. - અખંડ ભારત

# બિરસા મુંડા ભવનમાં યોજાઈ મિટિંગ



રિપોર્ટર રવિન્દ્ર નિનામા

આજ રોજ બિરસા મુંડા ભવન પર ૧૨.૦૦ કલાકે આદિવાસી પરિવાર દ્વારા મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુદ્દા આ પ્રમાણે હતાં. નોકરીની અનામત ખત્મ થઈ રહી છે. તેની વિગતે જાણકારી આપવામાં આવી. psi, કોન્સ્ટેબલ, તલાટી, ક્લાર્ક વિગેરે પરીક્ષાઓમા ૪૦% ક્રાંઈટેરીયા નક્કી કરીને આરક્ષણ બાયપાસ કરવામાં આવેલ છે. કોન્સ્ટેબલના મેદાનમાં આપણા છોકરાઓ ૨૫ માંથી ૨૫ માર્ક સહેલાઈથી લાવતાં હતા જે હટાવી લેવામાં આવ્યા છે. અને ફક્ત લેખિતના માર્ક ગણવામાં આવે છે. જેમાં આપણા વિધાર્થીઓને ખુબજ ખોટ પડે છે.૪૦% ના ક્રાઈટેરિયા નક્કી કરીને ઢોકી બેસાડતાં ખુબજ મોટું નુકસાન થયું છે. ધીરે ધીરે આ પ્રમાણે આરક્ષણ ખત્મ કરી રહ્યા છે.OBC નું ૨૭% આરક્ષણ દરેક જિલ્લાઓમાં લાગુ પડે છે. આદિવાસીઓનું ૧૫% અનામત દરેક જિલ્લામાં કેમ લાગુ પડતું નથી. જેવા દરેક મુદ્દાઓ પર શ્રી ગરોડ સાહેબ, ચૌહાણ ગુરુજી, ચિંતનભાઈ તાવીયાડ સાહેબ, બાબુભાઈ નિનામા સાહેબ, દિનેશભાઈ બારીઆ સાહેબ, પ્રો. અનિલભાઈ ભુરીયા સાહેબે સરસ જાણકારી આપી, અમલ કરાવા માટેની ચર્ચાઓ કરવામાં આવી, આવેદન, નિવેદન જ્યાં જે પણ કરવાનું થાય તે કરવાની ચર્ચા કરવામાં આવી. સારી એવી સંખ્યામાં વિદ્યાર્થીભાઈ , બહેનો, વડીલો, યુવાવર્ગ

ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થી ભાઈ બહેનો તરફથી પણ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. આજનો કાર્યક્રમ એક અગત્યની જાણકારી માટે ખૂબ જ આવકાર દાયક હતો. આ માહિતી હવે સમાજના સરપંચથી લઈને દરેક આગેવાનો, પ્રતિનિધિઓને માહિતીથી વાકેફ કરવામાં આવશે... ત્યાર બાદ આજની મિટિંગ પૂર્ણ કરવામાં આવી... સેવા જોહાર, જય આદિવાસી...

- અખંડ ભારત

# ૭૯ મા સ્વાતંત્ર્ય પર્વનની સી.એમ.ડી.શાહ હાઈસ્કુલ આજોલ માં ઉત્સાહભેર ઉજવણી



શ્રી વિદ્યા ઉત્તેજક મંડળ સંચાલિત સી . એમ.ડી.શાહ હાઈસ્કુલ આજોલ દેશના ૭૯ માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભર ઉજવણી કરવામાં આવી .દેશની ગૌરવપૂર્ણ ક્ષણના સાક્ષી બનવાના લ્હાવો ઉજવાયો. જેમાં ગ્રામના સરપંચશ્રી , ગામના વડીલો , વિદ્યાર્થીઓ અને સમગ્ર શાળા પરિવાર એકત્ર થઈ ધ્વજવંદનના કાર્યક્રમને ઉજવવામાં આવ્યો . જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી અખંડ ભારત

# કિયાલ પ્રાથમિક શાળામાં ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો





રાહુલ ડાભી

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્યશ્રી ગમનભાઈએ SMC અધ્યક્ષ તરીકે શ્રી શિવરામભાઈ થાવરેચાની નિમણૂક કરી, જેને શિક્ષકશ્રી જબ્બરસિંહ દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો. શાળાની બાળાઓએ સ્વાગતગીત અને દેશભક્તિ ગીતો રજૂ કરીને સમગ્ર વાતાવરણને દેશપ્રેમની લાગણીઓથી ભરપૂર કરી દીધું. સાથે જ વિદ્યાર્થીઓએ મહાનુભાવોના જીવન અને બલિદાન વિશે પ્રેરણાદાયક વ્યક્તવ્ય આપ્યાં. આ અવસર પર શાળાના શિક્ષક દીપકભાઈ, મુકેશભાઈ, રમેશભાઈ, રાહુલભાઈ તથા ગામના અનેક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમને સફળ બનાવ્યો. આ રીતે કિયાલ પ્રાથમિક શાળાનો સ્વતંત્રતા દિવસનો કાર્યક્રમ આનંદ અને ઉત્સાહ સાથે પૂર્ણ થયો.

અખંડ ભારત

# તિરંગો ભારતની એકતા, સાંસ્કૃતિક સૌહાર્દ અને બલિદાનનું પ્રતીક છે સંતરામપુર નગર !



રિપોર્ટર: શર્મા ભરત.સંતરામપુર

પરાક્રમ અને શૌર્યનો સમન્વય ભારત, વિશ્વને શાંતિનો સંદેશ આપતું ભારત અને વિકસિત થવા તરફ અગ્રેસર સમૃદ્ધ મા ભારતીની વંદના કરવાનો અવસર અને સ્વતંત્રતા પર્વના ઉપલક્ષ્યમાં સંતરામપુર નગર માં કારગિલ પેટ્રોલપંપ થી પ્રતાપુરા ખાતે આયોજિત 'તિરંગા યાત્રા'માં આદરણીય શ્રી કુબેર ભાઈ ડીંડોર સાહેબ શિક્ષણ મંત્રીશ્રી સાથે મોટી સંખ્યામાં સંતરામપુર તિરંગા યાત્રામાં જોડાઈને પોતાની પ્રચંડ દેશભક્તિનો અનન્ય સંદેશ આપ્યો અને ભારતમાતાની જયકારથી વાતાવરણ દેશભક્તિની લહેર પ્રસરી ગઈ. આ તિરંગા યાત્રામાં પદાધિકારીઓ, પાર્ટીના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા. અખંડ ભારત

# શ્રી ધંબોલીયા માધ્યમિક શાળામાં ૧૫મી ઑગસ્ટ તંત્રતા પર્વની ઉજવણી



રિપોર્ટર : જૈમિનકુમાર ચૌહાણ

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની શ્રી ધંબોલીયા માધ્યમિક શાળામાં ૧૫મી ઑગસ્ટ સ્વાતંત્ર્યપર્વનિ ઉજવણી કરવામાં આવી જેમાં મંડળનાં હોદ્દેદારો , મોટી સંખ્યામાં ગ્રામજનો તથા વાલીઓ જોડાયા હતા. ૧૫મી ઓગસ્ટ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. - અખંડ ભારત

# શ્રી કે.એન. શાહ હાઈસ્કૂલ, મોડાસા ખાતે ૧૫મી ઑગસ્ટની ભવ્ય ઉજવણી



રિપોર્ટર : પંચાલ આશીશ

અરવલ્લી જિલ્લાના મોડાસા ની શ્રી કે. એન. શાહ મોડાસા હાઈસ્કૂલ, માં ૧૫ મી ઓગસ્ટ નિમિતે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું જેમાં કેળવણી મંડળ ના પ્રમુખ શ્રી બિપીનભાઈ શાહ સાહેબ તથા સર્વે મંડળના સભ્યો હાજર રહ્યાં હતાં. ત્યારે વિવિધ શાળા માંથી આવેલ બાળકો એ સાંસ્કૃતિક કાર્યક્રમાં ભાગ લઈ, પ્રમુખ શ્રી તથા સર્વે મંડળના સભ્યોની સામે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, સાંસ્કૃતિક કાર્યક્રમ માં મોટી સંખ્યામાં બાળકો ના વાલીશ્રીઓ પણ હાજર રહ્યા હ ત ા .

- અખંડ ભારત

## દાહોદ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલેકટરશ્રી યોગેશ નિરગુડેના હસ્તે કરાઈ

# આજે ગુજરાત વિકાસના ગ્રોથ એન્જીન તરીકે દેશમાં પ્રસ્થાપિત થયું છે જે આપણા માટે ગૌરવની બાબત છે. દેશમાં વિકાસ વિઝન બનાવનાર ગુજરાત પ્રથમ રાજય છે. -કલેકટર શ્રી યોગેશ નિરગુડે




હસમુખ પ્રજાપતી બાંડીબાર

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકમાં આવેલ મોટા હાથીધરા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૭૯ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દાહોદ જિલ્લા કલેકટર શ્રી યોગેશ નિરગુડેના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.

કલેકટર શ્રી સલામી મંચ પર આવતાં જ સૌ એ પોતાની જગ્યાએ ઊભા થઈ કલેકટર શ્રીના આગમનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. સ્વાતંત્ર્ય પર્વ નિમિતે કલેકટર શ્રી યોગેશ નિરગુડેએ રાષ્ટ્ર ધ્વજ લહેરાવીને રાર્ષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી એ સાથે ઉપસ્થિત સૌએ રાર્ષ્ટ્રગાન કર્યું હતું. રાર્ષ્ટ્ર ધ્વજને સલામી આપી રાર્ષ્ટ્રગાન કર્યા પછી કલેકટર શ્રી યોગેશ નિરગુડે સહિત પોલીસ અધિક્ષક શ્રી રાજદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેકટર શ્રી જેમ એમ. રાવલ એ પરેડનું નિરીક્ષણ કરી સૌનું અભિવાદન સ્વીકાર્યું હતું. આ પ્રસંગે કલેકટર શ્રી યોગેશ નિરગુડેએ આઝાદી અપાવનાર શહીદોને શાબ્દિક શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે, આજે ગુજરાત વિકાસના ગ્રોથ એન્જીન તરીકે ગુજરાત પ્રસ્થાપિત થયું છે જે આપણા માટે ગૌરવની બાબત છે. આપણા દાહોદ ને વિકસિત દાહોદ બનાવવા માટેના સરકાર પ્રયત્નશીલ છે. વધુમાં એમણે અટલ બિહારી વાજપેયીએ આપેલ એમના જીવનના અમૂલ્ય ફાળાને યાદ કરી જન્મ જયંતી નિમિતે યાદ કર્યા હતા. વધુમાં ઉમેર્યું હતું કે, નાગરિકોની સુખાકારી અને અને જીવન ધોરણમાં સુધાર લાવવા રાજય સરકાર કાર્યરત છે.

દેશના વિકાસનું પ્રતિક એવી ગુજરાતની ગિફ્ટ સીટીનો પણ એમણે ઉલ્લેખ કર્યો હતો. નાનામાં નાનો માણસ પણ સારી સુવિધા સાથે જીવે, આદિવાસી વિદ્યાર્થીઓ રમત હોય કે શિક્ષણ ક્ષેત્રે આગળ આવે એ માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. એ સાથે ઉપસ્થિત તમામ નગરજનોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. દાહોદ જિલ્લાની વિવિધ શાળાઓમાંથી આવેલ વિદ્યાર્થીઓ દ્વારા ઑપરેશન સિંદૂર થીમ પર દેશ ભક્તિ ગીત સાથે ડાન્સ, ગરવી ગુજરાતનો અર્વાચીન માતાજીનો ગરબો, આદિવાસી લોકનૃત્ય, લેજીમ નૃત્ય તેમજ ઓપરેશન સિંદૂર થીમ હેઠળ નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમને સૌએ તાળીઓથી વધાવી લીધો હતો. પ્રસ્તુત કરવામાં આવેલ તમામ કૃતિઓને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રોત્સાહન રૂપે ૫૦૦૦/- રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લાના શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વિદ્યાર્થીઓ, પોલીસ કર્મીઓને જિલ્લા કલેકટર શ્રી યોગેશ નિરગુડે તેમજ ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ હસ્તે ઈનામ, એવોર્ડ અને સન્માનપત્રો આપવામાં આવ્યા હતા.સાથે સાથે લીમખેડા તાલુકાના વિકાસ અર્થે લીમખેડા મામલતદારશ્રીને રૂપિયા ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ૮ પ્લાટુન માં ૨૦૦ જેટલા પોલીસ જવાનોએ પરેડમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન રાર્ષ્ટ્રગાન કરીને કલેકટર શ્રી યોગેશ નિરગુડે તેમજ ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલ એક પેડ માં કે નામ ઝુંબેશ હેઠળ ક્રિકેટ ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ બચાવોનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ અવસરે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢા, પ્રાયોજના વહીવટ દાર શ્રી દેવેન્દ્ર મીના, સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી કરણસિંહ ડામોર, ધારાસભ્યશ્રી શૈલેષભાઇ ભાભોર, ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર સહિત અન્ય મહાનુભાવો, પદાધિકારીશ્રીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રી લીમખેડા, અન્ય અધિકારીશ્રીઓ તેમજ નગરજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અખંડ ભારત

# સરોરી પ્રાથમિકશાળામાં ૧૫મી ઓગષ્ટ પર્વ નિમિતે ધ્વજ વંદન કરવામાં આવ્યું



સંજય રાઠોડ

સરોરી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી સુમિત્રાબેન કલ્પેશભાઈ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ શાળાનો સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં બાળકો અને ગામના આગેવાનો વડીલો હાજર રહી ને ૧૫ ઓગસ્ટના સ્વતંત્રતા દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ગૌરવ સાથે કરવામાં આવી. આ દિવસ આપણા દેશના ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ દિવસ છે કારણ કે આ દિવસે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ, આપણા દેશને બ્રિટીશ શાસનથી મુક્ત કરવામાં આવ્યો હતો. આ તે દિવસ છે જયારે ભારત લગભગ ૨૦૦ વર્ષ પછી ગુલામીની બેડીઓમાંથી મુક્ત થયું હતું. આજે આપણા ભારત દેશ ને આઝાદ થયે ૭૯ વર્ષ થયા જેનો આનંદ સમગ્ર દેશવાસી આનંદ ઉલ્લાસ થી મનાવી રહ્યો છે શાળાના કાર્યક્રમો પૂર્ણ થયાં બાદ વિદ્યાર્થી બાળકો ને ચોકલેટ આપી મો મીઠું કરાવ્યું હતું અને જય હિન્દ જય ભારત ના નારા લગાવ્યાં હતા અને કાર્યક્રમ ને વિદાય આપી હતી.

-અખંડ ભારત

# સપ્તેશ્વર મહાદેવ મંદિરની નદીમાં મગરે કુતરાનો શિકાર કર્યો



વાઘેલા ભરતકુમાર

સપ્તેશ્વર મહાદેવ મંદિરની નદીમાં મગરે કુતરાનો શિકાર કર્યો. આથી સપ્તેશ્વર મહાદેવ મંદિર દર્શન કરવા તથા નાહવા માટે આવતા તમામ ધર્મ પ્રેમી ભક્તોને જણાવવાનું કે સપ્તેશ્વર મંદિરને દક્ષિણ બાજુએ સાબરમતી અને ડભોલ નદીના સંગમ પટમાં ખાણ ખનીજ મારફતે ખૂબ મોટો ખાડો પડવામાં આવેલ હોવાથી તેમાં ઊંડું પાણી છે અને મોટો મગર પણ છેલ્લા એક મહિનાથી આવેલ હોવાથી તમામ દર્શનાથી ઓને જાહેર વિનંતી કરવામાં આવે છે - અખંડ ભારત

# ચુડમેર પ્રાથમિક શાળા ખાતે ૭૯ માં સ્વાતંત્ર દિવસની ઉજવણી



ભરતભાઈ સજાભાઈ વરણ

૧૫ ઓગસ્ટના દિને ચુડમેર પ્રાથમિક શાળા ખાતે ૭૯ માં સ્વાતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી ગત વર્ષની વાર્ષિક પરીક્ષામાં શાળાની પ્રથમ ક્રમાંકિત વિદ્યાર્થીની જીજ્ઞાબેન વિરમાભાઈ પરમારના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં દેશભક્તિ ગીતો , સ્પીચ આપવામાં આવી. આ કાર્યક્રમમાં એસએમસી દ્વારા વિદ્યાર્થીઓને કેળાનો નાસ્તો કરવામાં આવ્યો આ પ્રસંગે કબડીની ભાઈઓ અને બહેનોની ટીમને દાતા તરફથી સ્પોર્ટ ડ્રેસ આપવામાં આવ્યો ભાઈઓને ૧૨ ડ્રેસ શ્રી મહાદેવ ટ્રેડર્સ દ્વારા અને બહેનોને ૧૨ ડ્રેસ વરણ શાંતિભાઈ કલ્યાણભાઈ તરફથી સ્પોટ્ર્સ ડ્રેસ આપવામાં આવ્યો. અન્ય વાલી ગણ તરફથી રોકડ સહયોગ પણ આપવામાં આવ્યો. કાર્યક્રમમાં આચાર્ય શ્રી એ. એમ. પરમાર દ્વારા બાળકોના શૈક્ષણિક ગુણવત્તા બાબતે વાલીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વી.એચ.સોલંકી દ્વારા કરવામાં આવ્યું.

- અખંડ ભારત

# શ્રી. બ્રહ્મપુરી પ્રા. શાળા માં ધ્વજવંદન કાર્યકમ યોજાયો



રિપોર્ટર :વિક્રમસિંહ

સાબરકાંઠા જિલ્લા ના ઈડર તાલુકાની બ્રહ્મપુરી પ્રા. શાળા માં ધ્વજવંદન કાર્યકમ યોજાયો .જેમાં મુખ્ય મહેમાન તરીકે ગ્રામ પંચાયતના નવિન ચૂંટાયેલા સરપંચશ્રી. પ્રેમિલાબા અને જાગૃતિબા તથા એસ. એમ. સી.ના સભ્ય શ્રી પરબતસિંહ તથા વિજયસિંહ તથા રાજવીરસિંહ અને અખંડ ભારતના પત્રકાર શ્રી વિક્રમસિંહ રહેવર ઉપસ્થિતિ રહ્યાં હતા. ધ્વજવંદન કાર્યકમ માં શાળા વિધાર્થીઓ દ્વારા દેશભક્તિ ના કાર્યક્રમો યોજવામાં આવ્યા અને વિધાર્થીઓ ને કાર્યકમ સફર બનાવા બદલ શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો એ ધન્યવાદ આપ્યા હતા. આ કાર્યક્રમ ને સફર બનાવા વાલીઓ તેમજ ગ્રામજનો હાજર રહ્યાં હતા.

- અખંડ ભારત

# પડાદર પ્રાથમિક શાળામાં ધ્વજવંદન થયું



વાઘાભાઈ પરમાર

૧૫ મી ઓગસ્ટ ની પડાદર પ્રાથમિક શાળા ના વિધાથી અને ગામના સરપંચ શ્રી તથા ગામના વડીલો તથા શાળા ના શિક્ષક ગણ સાથે ધ્વજ વદનં કરમા આવ્યુ. અખંડ ભારત

# ડામોર ના મુવાડા ગામે પ્રાથમિક શાળામાં ૭૯ સ્વતંત્રતા પર્વની થઈ ઉજવણી



ખાંટ પ્રવિણ
અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ડામોર ના મુવાડા ગામે પ્રાથમિક શાળામાં ૭૯ સ્વતંત્રતા પર્વ નિમિત્તે નવ યુવાન સરપંચ શ્રી દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. પ્રાથમિક શાળાના શિક્ષકો, બાળકો, આચાર્ય શ્રી તથા ગ્રામજનો દ્વારા ગામમાં રેલી કાઢી અને કેટલાક સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા. જય હિંદ જય ભારત, વંદે માતરમ્ જેવા નારા સાથે રેલી ગુંજવા લાગી હતી. અખંડ ભારત

# વિજયનગર તાલુકાના દંતોડ ગામમા સ્વતંત્રતા દિવસ ઉજવાયો



પટેલીયા દિલિપ

ગામના નવા સરપંચ શ્રી સાયનાબેન કિરીટભાઈ સડાત ,તેમજ ગામના આગેવાનો વગેરે હજર રહ્યા હતા.

- અખંડ ભારત

# વેલણવાડા ગ્રુપ ગ્રામ પંચાયત માં ૭૯ માં સ્વતંત્ર પર્વ ની ઉજવણી



રિપોર્ટર :ડામોર સુરેશ

આજરોજ મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના વેલણવાડા ગ્રુપ ગ્રામ પંચાયતમાં અને ગામની પ્રા શાળા હાઈસ્કૂલમાં ૭૯ મા સ્વાતંત્ર્ય દિવસ પર્વ ની ઉજવણી થઈ હતી, જેમાં ધ્વજ વંદન સરપંચ શ્રી રાધાબેન સુરેશભાઈ ડામોર હસ્તે કરવામાં આવ્યું અને ખુબ મોટી સંખ્યામાં ગ્રામજનો અને બાળકો એ ભાગ લીધો તેમજ વેલણવાડા હાઈસ્કૂલથી વેલણવાડા ગામ સુધી મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું - અખંડ ભારત

# પ્રાંતિજ ખાતે ૭૯ મો સ્વાતંત્રતા પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ



કુંવરસિંહ ચૌહાણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૭૯ મોં સ્વાતંત્રતા દિન પર્વની આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ સાહેબ ના અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવણી કરાઈ ૧૫ મી ઓગષ્ટ ના આ પાવન દિવસે ઋષિકેશ પટેલ સાહેબ એ ધ્વજવંદન કરી પરેડ નિરીક્ષણ કર્યું . જેમાં હિંમતનગર ધારાસભ્ય શ્રી વિ ડી ઝાલા સાહેબ સાબરકાંઠા જિલ્લા સાંસદ શોભનાબેન બારૈયા જી પ્રાંતિજ તલોદ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર સાહેબ અને અન્ય મહાનુભાવો કાર્યકર્તાઓ પ્રાંતિજ શહેરી જનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અખંડ ભારત

# શ્રી ચંદરવા પ્રાથમિક શાળા માં ૧૫ મી ઑગસ્ટ ની થઈ ઉજવણી



ભટ્ટ મયુર દિપકભાઈ

સૌ પ્રથમ ભારતીય પરંપરા મુજબ બાળકો સાથે ગ્રામજનો પણ પ્રભાતફેરી માં જોડાયા ત્યાર બાદ ગામના સરપંચ શ્રી રણજીતસિંહ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને આ પ્રસંગે બહોળી સંખ્યામાં ગામના લોકો હાજર રહ્યા હતા આ ઉપરાત શ્રી ચંદરવા પ્રાથમિક શાળા પરિવાર આ સરસ કાર્યક્રમ આયોજિત કરવા આવ્યો અને બાળકો ને પ્રોત્સાહિત કરવા ગામના વડીલ શ્રી ભીમજીભાઈ વસ્તાભાઈ ગોળકિયા દ્વારા શૈક્ષણિક કીટ નુ વિતરણ કરવામાં આવ્યું.

- અખંડ ભારત

# શામળાજી કોલેજ ખાતે ૭૯ મા સ્વાતંત્ર્ય દિન અને જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરાઈ




પારઘી લવજી

શ્રી કે. આર. કટારા આર્ટ્સ કોલેજ શામળાજીમાં તા.-૧૫-૦૮-૨૦૨૫ ના રોજ પ્રતિ વર્ષની માફક ૭૯ માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી શામળાજી પ્રદેશ કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ કે કટારાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં દિલીપભાઈ કટારાએ તમામને વીર શહિદીને યાદ કરી સાચા અર્થમાં સ્વતંત્રતા ઉજવવા અને ઉજ્વળ કારકિર્દી બનાવી દેશનું નામ રોશન કરવા આશિર્વચન આપ્યા હતા. સાથે સાથે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મદિન ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. બંને સામૂહિક કાર્યક્રમમાં આર્ટ્સ કોલેજ, નર્સિંગ કોલેજ, બી. એડ. કૉલેજ, એસ. આઇ. કૉલેજ અને એમ. એસ. ડબલ્યુ એમ પાંચેય કૉલેજના પ્રિન્સિપાલ, સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો સદર મટકી ફોડ કાર્યક્રમમાં જુદી જુદી કોલેજના વિદ્યાર્થીઓ ડી.જે. સાઉન્ડનાં નાદમાં જોરશોરથી માટલીઓ ફોડી ઉત્સાહભેર રાસ ગરબા ગાયા હતાં. સમગ્ર કાર્યક્રમ જોમશોમપૂર્વક અને આનંદોલ્લાસ સાથે ઉજવવા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એ. કે.પટેલે હાકલ કરી હતી. જેમાં શામળાજી પ્રદેશ કેળવણી મંડળના મંત્રીશ્રી દિલીપભાઇ કટારાએ ઊપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા જ્યારે મટકી ફોડી કાર્યક્રમનું સંચાલન ડે સેલીબ્રેશન ઇન્ચાર્જ ડૉ. પી. એસ. પનેસર, ડૉ.અજીતસિંહ ચૌહાણ અને ડૉ રવિન્દ્ર પરમારે કર્યું હતું. શરૂઆતમાં જન્માષ્ટમી પર્વનુ મહત્વ, જન્માષ્ટમી પર્વ કેમ ઉજવવામાં આવે છે તેની વાત કરી હતી. અને સમગ્ર કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રો અને મોટી સંખ્યામાં એન સી સી, કેડેટ્સ અને એન એસ એસ સ્વયં સેવકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી બંને ઉત્સવ ધામધૂમપૂર્વક ઉજવ્યા હતા..

- અખંડ ભારત

# પીએમશ્રી રામકૃષ્ણનગર કન્યા પ્રાથમિક શાળા ૭૯ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી



રિપોર્ટર : સુરેશકુમાર પ્રજાપતિ

પીએમશ્રી રામકૃષ્ણનગર કન્યા પ્રાથમિક શાળા નવાપરા વાંકાનેરમાં ૭૯ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી હર્ષભેર કરવામાં આવી જેમાં ધ્વજવંદન કરી રાષ્ટ્રગીતોનું ગાન કરવામાં આવ્યું અને સલામી આપવામાં આવી આજરોજ શાળાના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવ્યું જેમાં એસએમસી અધ્યક્ષ તેમજ સભ્યશ્રીઓ અને નાગરિકો તથા વાલીઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્યશ્રી વનાણી જેઠાભાઈ પી તેમજ સમગ્ર સ્ટાફે ખૂબ જહેમત ઉઠાવી હતી

- અખંડ ભારત

# માણેકપુર હાઈસ્કુલ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી

રિપોર્ટર :ભરત ચૌધરી

માણસા તાલુકાના માણેકપુર ગામે શ્રીમતી નાથીબેન બાબુભાઈ ડોસાભાઈ વિદ્યા સંકુલ ખાતે કુમારી સૃષ્ટિ પ્રજાપતિ ના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ડોક્ટર બી આઈ પટેલ મેડિકલ રિસર્ચ એન્ડ ફાઉન્ડેશન દ્વારા ધોરણ ૧ થી ૧૨ માં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેમજ રમત ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર શાળાના તેજસ્વી તારલાઓનું ચંદ્રક એનાયત કરી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામના વીર જવાન અજયસિંહ ઈશ્વરસિંહ ચાવડા નું પણ શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ઘનશ્યામ નગર પ્રાથમિક શાળા, બળીયા નગર પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ ઉપરાંત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

- અખંડ ભારત

# આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાની ખોરવડમા સ્વતંત્રતા દિવસ ઉજવણી થઈ



અશ્વિન ચૌહાણ

પ્રાથમિક શાળા ખોરવાડમાં આજે ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગ્રામના સરપંચશ્રી શ્રી સજ્જનસિંહ ઠાકોર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો અને રાષ્ટ્રગાન સાથે સૌએ દેશપ્રેમનો સંકલ્પ લીધો.

સ્ટેજનું સંચાલન શાળાની શિક્ષિકાબેન શ્રીમતી વિશ્વાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, ભાષણો અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી દેશપ્રેમની ભાવના ઉજાગર કરવામાં આવી.તેમજ કાર્યક્રમના અંત માં વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું શાળાના આચાર્યશ્રી અશ્વિનસિંહ ચૌહાણએ ઉપસ્થિત તમામ નામી અને અનામી ગ્રામજનો, વાલીઓ તથા મહેમાનશ્રીઓને શાળાના આમંત્રણને માન આપી હાજર રહેવા બદલ હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. અખંડ ભારત

# ઢઠાલ પ્રાથમિક શાળા તથા કર્મયોગી હાઈસ્કૂલમાં ૭૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન



રિપોર્ટર : ચૌહાણ પ્રવિણભાઈ

ઢઠાલ પ્રાથમિક શાળા તથા કર્મયોગી હાઈસ્કૂલમાં ૭૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચશ્રી, ગામના વડીલો, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ રાષ્ટ્રધ્વજને વંદન કરી રાષ્ટ્રગીત ગાયું.વિદ્યાર્થીઓએ દેશભક્તિગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. ગામજનોની હાજરીમાં કાર્યક્રમમાં દેશભક્તિનો જુસ્સો છલકાયો હતો.

- અખંડ ભારત

# જાંબુ ગામે ૭૯મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી



રિપોર્ટર : સંઘારિયત અકબર નૂરભાઈ

૧૫ ઓગસ્ટના રોજ લીંબડી તાલુકાના જાંબુ ગામેગામના સરપંચશ્રી, ગ્રામ પંચાયતના સભ્યો, તલાટી કમ મંત્રી, શાળાના આચાર્ય, આંગણવાડી બહેનો, ગામ આગેવાનો તથા શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.ધ્વજવંદન બાદ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો. આ સાથે વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો ગાઈ કાર્યક્રમને રંગીન બનાવ્યો હતો. કાર્યક્રમમાં ગામજનોનો પણ ઉત્સાહભર્યો સહભાગ રહ્યા હતા.

- અખંડ ભારત

# હેડિંગ -સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ માં સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૫ તાલુકા કક્ષાનો ૭૯ સ્વાતંત્ર્ય દિન ઉજવણી અને સન્માનપત્ર સમારોહ થયો....

શર્મા ભરત સંતરામપુર

સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ માં ૭૯ સ્વાતંત્ર્ય દિવસ ઉજવણી કરવા માં આવી હોસ્પિટલ ના અધિક્ષક શ્રી ડૉ મધુલિકા મુખર્જી મેમ Rmo જે,કે પટેલ સાહેબ,મેડિકલ ઓફિસર સાહેબો,નર્સિંગ કૉલેજ પ્રિન્સિપાલ શ્રી સિનિયર અને સ્ટાફ મિત્રો તથા વાલા વિધાર્થીઓ સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ઉપસ્થિત રહ્યા. ઓપરેશન થિયેટર વિભાગ માં છેલ્લા ૧૫ વર્ષ થી સ્ટાફ નર્સ તરીકે ની ફરજ નિભાવતા શ્રી મતિ કોકિલાબેન પારગી સિસ્ટર એ Dr ભૂમિકા મેમ,Dr skuò sir, Druval sir,Dr વસાવા મેમ,સાથે સંતરામપુર તાલુકા અંતરાળ ગામો માંથી આવત દર્દી ગર્ભાવતી માતા સુવાવળ કરાવી તમામ દર્દી ને ભેદભાવ કર્યા વગર ફરજ પ્રત્યે ની નિષ્ઠા અને કર્તવ્ય નિભાવ્યું છે....તેમાં ગણા ઉત્તર ચડાવ અને કીટીકેલ પોઝિશન ને હેન્ડિંગ કરી

આજ દિન સુધી સંતરામપુર સ્ટેટ નું રેકોડ સારો બતાવ્યો છે...જે બદલ આજ રોજ સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૫ માં કોકિલાબેન પારગી એ ઉત્કૃષ્ટ કામગીરી અને નિષ્ઠા પૂર્વક કામ કરવા બદલ સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ના અધિક્ષકશ્રી ડૉ મધુલિકા મુખર્જી મેમ ના હસ્તે સન્માન પત્રક આપી સન્માનનીત કરી તેમની કામગીરી બિરદાવી છે.

આમ કોકિલાબેન પારગી સિસ્ટર સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ અધિક્ષક શ્રી ને આભાર વક્ત કરી આગામી સમય માં પણ મારી કામ ગીરી ઉત્તમ રહેશે એવી હું ખાત્રી આપું છું..જય હિન્દ જય ભારત...ભારત માતાકી જય

# ૧૫મી ઓગષ્ટ નિમિતે ડુંગરા ગ્રુપગ્રામ પંચાયત પર રાષ્ટ્રીયધ્વજ ફરકાવ્યો



સંજય રાઠોડ

ડુંગરા ગ્રુપગ્રામ પંચાયત ના નાવા સરપંચ શ્રી વિનોદભાઈ વિરસિંહભાઈ કામોલ ના હસ્તે ધ્વવંદન કરવામાં આવ્યા હતા જેમાં પંચાયતના તલાટી, પંચાયતના સભ્ય તેમજ વડીલો ગ્રામ જાણો આગેવાનો હેઠળ ધ્વજવંદન ફરકાવામાં આવ્યો હતો . અખંડ ભારત

## લોર પ્રા શાળા મા ૧૫ મી ઓગસ્ટ ધ્વજ વદન કાર્યક્રમ યોજાયો



મનિષ દવે

લોર પ્રા શાળા મા ૧૫ મી ઓગસ્ટ ધ્વજ વદન કાર્યક્રમ યોજાયો .લોર પ્રા.શાળા ના આચાર્ય રાજેશ્વરી રાજેશભાઈ તથા સરપંચ સુરેશભાઇ પરમાર તથા ડેલીગેટ ગ્રાભાજી ઠાકોર તથા ગામ જનો તથા શાળા ના છોકરા અને છોકરી હાજરી માં કાર્યક્રમ યોજાયો. અખંડ ભારત

## અમદાવાદ જિલ્લા માં. નારોલ. માં નારોલ. ગુજરાતી શાળા ૧. ૨. માં. ૭૯ સ્વતંત્રા દિવસે ધ્વજ વંધન કાર્યક્રમ કરવામાં. આવ્યો



દરબાર દેવેન્દ્રસિંહ

અમદાવાદ જિલ્લા માં. નારોલ. માં નારોલ. ગુજરાતી શાળા ૧. ૨. માં. ૭૯ સ્વતંત્રા દિવસે ધ્વજ વંધન કાર્યક્રમ કરવામાં. આવ્યો બાળકો દ્વારા દેશભક્તિ ગીત તેમજ નાટક. કરવામાં આવિયાં અને આચાર્ય વિક્રમ સાહેબ ૧૫ મી. ઓગસ્ટ વિશે સમજણ આપી. ગામનાં વડીલો વાલિયો ઉપસ્થિત રહિયા. હતા. બધા સાથે રાષ્ટ ધ્વજ. ને સલામી. આપી હતી. અખંડ ભારત

## ચાદરાણી શાળા મા ધ્વજવંદન થયું



બલરામ સાધુ

૭૯ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ચાંદરાણી ગૃપ પ્રાથમિક શાળા મા સરપંચ શ્રી શાંતિબેન ગોવિંદભાઈ હુંબલ ના વરદહસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું સાથે ગામ ના યુવાન જગદીશભાઈ સામતભાઈ હુંબલ નું સરકારી નોકરી મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું ગામ માંથી સરહદ ડેરી ચેરમેન વલમજીભાઈ હુંબલ પૂર્વ સરપંચ ધનજીભાઈ હુંબલ SMC ના અધ્યક્ષ પ્રવિણભાઇ મયાત્રા ગૌ સેવા પ્રમુખ રમેશભાઇ હુંબલ સાથે બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

અખંડ ભારત

## દુધઈ પોલીસ સ્ટેશન ખાતે ધ્વજવંદન



બલરામ સાધુ

આજ રોજ તા. ૧૫/૦૮/૨૦૨૫ ના રોજ ૭૯મા સ્વતત્ર દિવસ નિમિતે દુધઈ પોલીસ સ્ટેશન ખાતે ધ્વજવંદન નો કાર્યક્રમ કરવામા આવેલ અને ત્યારબાદ

મ્હે. પોલીસ મહાનિરિક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ બોર્ડર રેન્જ ભુજ તથા મ્હે. પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર સાહેબ પૂર્વ કચ્છ ગાંધીધામ નાઓની સૂચના થી તેમજ મ્હે.નાયબ પોલીસ અધિક્ષક શ્રી મુકેશ ચૌધરી સાહેબ અંજાર વિભાગ અંજાર નાઓના માર્ગદર્શન મુજબ દુધઈ પોલીસ સ્ટેશનના કમ્પાઉંડ ખાતે એક સૌહાર્દપૂર્ણ અને પર્યાવરણપ્રેમી કાર્યક્રમ હેઠળ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું જેમાં માતૃશ્રી ના નામની તકતી સાથે ૩૧ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન ×એક પેડ માં કે નામ હેઠળ વૃક્ષા રોપણ કરવામાં આવ્યું, જે વિસ્તારના Every Green અભિયાનનો ભાગ છે. આ કાર્યક્રમમાં પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.આર.વસાવા અને દુધઈ પોલીસ સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. મ્હે.પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર સાહેબ તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી મુકેશ ચૌધરી સાહેબ તથા સાથે દરેક પોલીસ કર્મચારીએ પોતાના માતાના નામની તકતી સાથે વૃક્ષારોપણ કર્યુ.જે માતૃવંદન અને સંસ્કારજાગૃતિનું ઉત્તમ ઉદાહરણ છે. વૃક્ષોને સુરક્ષિત રાખવા માટે પીંજરા પણ તૈયાર કરવામાં આવ્યા હતા, જે રાષ્ટ્રીય ધ્વજના ત્રિરંગી રંગોથી સજ્જ હતા. આનો ઉદ્દેશ્ય એ હતી કે,લોકોમાં દેશભક્તિ અને પર્યાવરણ પ્રત્યેના ભાવને વધુ ઊંડા બનાવવા.જેમાં સ્થાનિક ગ્રામજનો તથા એલ.સી.સી.પ્રા.લી. કંપનીની વિશેષ ઉપસ્થિતિ હતી. અને સાથે "વૃક્ષો વાવો – જીવન બચાવો" જેવી સૂત્રોચ્ચાર સાર્થક કરવામાં આવ્યા. આ કાર્યક્રમ પર્યાવરણ જાગૃતિ માટે એક અસરકારક પગલું સાબિત થયું છે.અને સાથે પોલીસે કાયદો અને વ્યવસ્થા જ નહીં,પણ પર્યાવરણ જાળવણી માટે પોતાની સક્રિય ભૂમિકા નિભાવી હોવાનું ફરી એક વાર ઉદાહરણ પૂરું પાડ્યું...

અખંડ ભારત

## લોકનિકેતન વિનય મંદિર, લવાણા શાળામાં ૭૯ મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી..



ભરતસિંહ રાજપૂત

તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ ને શુક્રવારના રોજ ૭૯ મો સ્વાતંત્ર્ય પર્વ લોકનિકેતન વિનય મંદિર, લવાણા શાળામાં ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. સૌપ્રથમ શાળામાંથી પ્રભાતફેરીનું સુંદર આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ દ્વારા આઝાદી અંતર્ગત નારાઓથી શેરીઓ ગુંજી ઉઠી ત્યારબાદ શાળામાં રેલી પરત ફરી. ગામના મહાનુભાવો શ્રી હીરાભાઈ વાઘેલા, શ્રી ભલજીભાઈ વાઘેલા , શ્રી તેજાભાઇ રાજપુત, શ્રી રામાભાઈ પઢિયાર, વગેરેની ઉપસ્થિતિમાં દેશની આન, બાન અને શાન સમા તિરંગાને સલામી આપી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સક્ષમશાળા અંતર્ગત શાળાને મળેલ જિલ્લાનો તૃતીય ક્રમે એવોર્ડ (ગ્રામ્ય ) મહેમાનશ્રીઓના વરદ્ હસ્તે આચાર્યને આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.અખંડ ભારત

## નાની અસાયડી ખાતે સ્વતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી



વણકર દશરથ

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના નાની અસાયડી પ્રાથમિક શાળા ખાતે ૭૯ માં સ્વતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી. સ્વતંત્ર દિનની ઉજવણીમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. અખંડ ભારત

## શ્રી પી. કે .ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તિરંગા યાત્રાનું આયોજન




રિપોર્ટર : જશુભાઈ ચૌધરી

ગાંધીનગર સંચાલિત શ્રી પી્ કે .ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત એન.એસ.એસ. કમિટી દ્વારા તારીખ ૨ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન સરકારશ્રી દ્વારા' હર ઘર તિરંગા' કાર્યક્રમનું આયોજન કરવામાં હતું .

તે અન્વયે પ્રિ.ડૉ.એમ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉર્મિલા ચૌધરીએ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું જેમાં કોલેજ કેમ્પસથી સેક્ટર ૭માં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત તિરંગા યાત્રામાં ૧૫૦ થી વધારે વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો રાષ્ટ્રીય સ્લોગન અને રાષ્ટ્ર માટે શહીદ થનાર શહીદોને યાદ કરી તિરંગાની આન,બાન અને શાન વધે તેવા શપથ સાથે આ યાત્રાને પ્રસ્થાન આપ્યું હતું આ પ્રસંગે કોલેજનો સમગ્ર સ્ટાફ જોડાયો હતો તો વિદ્યાર્થિનીઓ 'સેલ્ફી વીથ તિરંગા 'સહભાગી થઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થામાં રંગોળી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

- અખંડ ભારત

## નાનીબેબાર ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી



સુરેન્દ્ર સિંહ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નાનીબેબાર ગામે પ્રાથમિક શાળામાં યોજાયેલ ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર દિન જેમાં ગામના નવા નિમાયેલા સરપંચ શ્રી જયેન્દ્ર સિંહ રાઠોડ તથા ડેપ્યુટી સરપંચ કોમલ કુંવરબા સિસોદીયા તથા પંચાયતના કમિટી ના સભ્યો તથા શાળા વિકાસ કમિટી તથા શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષકો તથા ગામ જાણો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રાષ્ટ્રીય કાર્યક્રમ ની વિધાર્થીઓ સાથે ખુબજ સુંદર રીતે ઉજવણી કરવામાં આવી હતી. અખંડ ભારત

## પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ઓફીસ ખાતે બે દિવસીય ટીબી ચેમ્પિયનની તાલીમ યોજાઈ



જીતેન્દ્ર પટેલ

મોરવા હડફ ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત મોરવા હડફ બ્લોક ઓફિસમાં ખાતે બે દિવસ બે બેચમાં ટીબી ચેમ્પિયન ની તાલીમ રાખવામાં આવી જેમાં ટોટલ ૫૪ જેટલા ટીબી ચેમ્પિયનને પિરામલ સ્વાસ્થ્ય ટ્રસ્ટ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવેલી. જેમાં તાલુકાના THO સાહેબ, STS, STLS, SSK મેનેજર અને પિરામલ સ્વાસ્થ્યના DFO સાહેબ મિહીરકુમાર શ્રીમાળી અને ડિસ્ટ્રીક્ટ લીડ કૌશલ મેહતા દ્વારા ટીબી ચેમ્પિયનને તાલીમ આપવામાં આવી હતી અને ટીબી માટે અવરનવર એક્ટીવીટી પોતના ગામમાં કરી ટીબી મુક્ત પંચાયત, ટીબી મુક્ત તાલુકો અને ટીબી મુક્ત જીલ્લો કરવા માટે સહભાગી થવા માટે માહિતીગાર કરવામાં આવેલ.

- અખંડ ભારત

## ખેડબ્રહ્મા માં તાલુકાના પરોયા ગામની અંદર આજ રોજ ૭૯માં સ્વતંત્રતા દિવસની ઉજવણી થઇ



સંજય સોલંકી

નિમિતે પરોયા ગ્રુપ ગ્રામ પંચાયત તેમજ પરોયા દૂધ મંડળી અને પરોયા પ્રાથમિક શાળા માં ૧૫ ઑગસ્ટ ના રોજ પરોયા પંચાયતના સરપંચશ્રી, તલાટી સાહેબ, ગ્રામ જનો અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો તેમજ ગામમાં વિકાસ થાય તેના વિશે પરોયા પંચાયતના તલાટી સાહેબએ માહિતી આપી.

## બાલાસિનોર ના પાંડવા ગામે શીતળા માતા ની પૂજા અર્ચના કરવા માં આવી



રાવલ બાબુભાઈ

શીતળા સાતમ ના પવિત્ર તહેવાર પર આપણી જૂની સંકૃતિ મુજબ બાલાસિનોર ના પાંડવા ગ્રામ્ય વિસ્તાર માં માટી ના શીતળા માતા બનાવી ને બહેનો દ્વારા બાળકો અને પરિવાર ના સ્વાસ્થ્ય માટે પૂજા અર્ચના કરવા માં આવી,,,,,અખંડ ભારત

## હર ડાક ઘર તિરંગા ચાંદરાણી પોસ્ટ ઓફીસ ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો



બલરામ સાધુ

૭૯ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ચાંદરાણી ગૃપ પ્રાથમિક શાળા મા સરપંચ શ્રી શાંતિબેન ગોવિંદભાઈ હુંબલ ના વરદહસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું સાથે ગામ ના યુવાન જગદીશભાઈ સામતભાઈ હુંબલ નું સરકારી નોકરી મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું ગામ માંથી સરહદ ડેરી ચેરમેન વલમજીભાઈ હુંબલ પૂર્વ સરપંચ ધનજીભાઈ હુંબલ SMC ના અધ્યક્ષ પ્રવિણભાઇ મયાત્રા ગૌ સેવા પ્રમુખ રમેશભાઇ હુંબલ સાથે બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

અખંડ ભારત

## સરહદ ડેરી એ ઉત્સાહભેર ઉજવ્યો ૭૯ મો સ્વતંત્રતા દિવસ



બલરામ સાધુ

"સરહદ ડેરી" દ્વારા ચાંદરાણી સ્થિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે સરહદ ડેરી ના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. સાથે આઝાદી માટે પોતાના પ્રાણ ન્યૌછાવર કરનાર સર્વે વીર શહીદોને યાદ કર્યા હતા. આ સાથે વર્ષ દરમ્યાન "બેસ્ટ કાયઝન" ની ઉત્તમ કામગીરી અને Cost Saving કરવા બદલ ૯ કર્મચારીઓને પ્રમાણપત્ર થી સન્માનિત કર્યા સાથે PSP પ્રોજેકટ અંતર્ગત સૌથી વધારે બન્ની ભેંસમાં "કૃત્રિમ બીજદાન" કરનાર કર્મચારી તથા "કૃત્રિમ બીજદાન" તરીકે ૪૫ દિવસીય તાલીમ પૂર્ણ કર્યા બદલ ૪ કર્મચારીઓને પ્રમાણપત્ર થી સન્માનિત કર્યા. આ સાથે સરહદ ડેરીના પ્રાંગણ માં કર્મચારી દ્વારા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ સાથે આજ રોજ અમૂલનું બટરસ્કોચ આઈસ્ક્રીમ કપ અને અફઘાન ડ્રાયફ્રુટ આઈસ્ક્રીમ કપ હીટ શીલ પેકિંગ માં સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલ દ્વારા લોંચિંગ કરવામાં આવ્યું. આ બાબતે સરહદ ડેરી ના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલ જણાવ્યુ હતું કે સરહદ ડેરી ની વિકાસ ગાથા માં પશુપાલકો, દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રી, સંચાલક, કર્મચારીઓ, ડાયરેકરશ્રીઓ તેમજ સહભાગી તમામ નો આભાર વ્યક્ત કર્યો હતો. આગામી દિવસો માં સરહદ ડેરી સૌને સાથે રાખીને પ્રગતિ ના શિખરો સર કરે તે માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ માં ચાંદરાણી ગામના પૂર્વ સરપંચશ્રી ધનજીભાઈ હુંબલ, સરહદ ડેરી મિલ્ક પ્રોસેસિંગપ્લાન્ટ, હેડ ઓફિસ, આઈસક્રીમ પ્લાન્ટ તેમજ કેટલ ફીડ પ્લાન્ટ ના અધિકારીઓ તેમજ કર્મચારીઓ વગેરે હાજર રહ્યા હતા.

અખંડ ભારત

## અરવલ્લી જિલ્લાના, મેઘરજ તાલુકાના ખોખરીયા ગ્રામ પંચાયતમાં સ્વતંત્રતા પર્વ ઉજવણી થઇ




રાજુ ડામોર

અરવલ્લી જિલ્લાના, મેઘરજ તાલુકાના ખોખરીયા ગ્રામ પંચાયતમાં સ્વતંત્રતા પર્વ ઉજવણી થઈ આઝાદી ના અમૃત મહોત્સવ પર્વ નિમિત્તે ગામના સરપંચ શ્રી અર્જન ભાઈ,જે, પરમાર અને ઉ,પ , સરપંચ શ્રી અર્જન ભાઈ,એચ, પરમાર અને તમામ વોર્ડના સભ્યો અને ગ્રામ પંચાયતના મતદારો સાથે મળીને આ પ્રસંગે વિકાસલક્ષી કામોની ચર્ચા વિચારણા કરીને ત્યારબાદ ખોખરીયા ગામમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં સરપંચ શ્રીએ દરેક વિદ્યાર્થી ઓને નોટબુક, તથા, પેન્સીલ આપીને ઉલ્લાસ થી અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

- અખંડ ભારત

# ખંભીસર શાળાનું ગૌરવ



રિપોર્ટર : ઘનશ્યામ પટેલ

અરવલ્લી જિલ્લાના મોડાસાતાલુકાની ખંભીસર શાળાનું ગૌરવ ચાલુ સાલે SGFI અંતર્ગત યોજાયેલ એથ્લેટિક સ્પર્ધામાં મહંત શ્રી ગંગાનાથ વિદ્યાલય ની ત્રણ બાળાઓ તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવી પસંદગી પામી હતી. તે ત્રણેય બાળાઓ જિલ્લા કક્ષાએ એટલેટીક્સ સ્પર્ધામાં ભાગ લીધો.જેમાં ચૌહાણ વનિતા બેન અમૃતસિંહ ૧૦૦ મીટર દોડમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર અને લાંબી કૂદમાં પણ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી શાળા અને પરિવારનનું નામ રોશન કરેલ છે.ગામડાની નાનકડી શાળાની વિદ્યાર્થીની જિલ્લા કક્ષાએ બે - બે સ્પર્ધામાં પ્રથમ નંબર લાવી શાળાનું ગૌરવ વધારેલ છે તે બદલ શાળા પરિવાર અને કેળવણી મંડળ ના સૌ સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા. અને રાજ્યકક્ષાએ પણ નંબર લાવી પરિવાર તથા શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

- અખંડ ભારત

## સૂર્યા ફાઉન્ડેશન, નવી દિલ્હી દ્વારા સંચાલિત પીએમ શ્રી સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ, ખેરંચામાં આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો ૭૯મો સ્વતંત્રતા દિવસ.



ધવલ શર્મા

ખેરંચા મુકામે આવેલ પીએમ શ્રી સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલમાં સ્વતંત્રતા દિવસ ઘણા ઉત્સાહ અને દેશભક્તિના વાતાવરણમાં ઉજવવામાં આવ્યો. આ સમારોહમાં સ્કૂલના મેનેજરશ્રી અમનદીપ સિંહે ધ્વજારોહણ કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો. સૌએ એક સ્વરમાં રાષ્ટ્રગાન અને ઝંડાગીતનું ગાન કરી દેશ પ્રત્યે પોતાની આસ્થા વ્યક્ત કરી.

ધોરણવાર વિદ્યાર્થીઓએ દેશભક્તિના નારા લગાવી “જય ઘોષ” કર્યો, જેનાથી સમગ્ર પરિસરમાં દેશભક્તિની ગરિમા પ્રબળ થઈ ગઈ. મુખ્ય વક્તા શ્રી ડિજિન જીએ પ્રેરણાદાયક પ્રવચનમાં સ્વાતંત્ર્યનું મહત્ત્વ, શહીદોના બલિદાન અને દેશસેવા જેવા વિષયો પર પ્રકાશ પાડ્યો. આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્યશ્રી વિરેન્દ્રસિંહ રાઠોડ, શિક્ષકગણ, કર્મચારીગણ તેમજ ધોરણ ૬ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ સક્રિયતાપૂર્વક સહભાગી થયા. રાષ્ટ્રભક્તિના ભાવથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો..

અખંડ ભારત

# મહેસાણા ખાતે યોજાઈ મશાલ રેલી




સંજયકુમાર ઠાકોર
તા : ૧૪ -૦૮-૨૦૨૫

રોજ મહેસાણા જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બળદેવજી ઠાકોરના અધ્યક્ષસ્થાને વોટ ચોરીના વિરોધમાં તોરણ વાળી માતાના ચોકથી મશાલ રેલી નુ આયોજન કરવામાં આવ્યું જેમા મોટી સંખ્યામાં લોકશાહી બચાવવા માટે પ્રજાજનો અને કોંગ્રેસ પાર્ટીના આગેવાનશ્રીઓ ,કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં

- અખંડ ભારત

# નહેરમાં ખાબકી કાર



રિપોર્ટર : મેહુલ પંચોલી

બોરસદ ના નિસરાયા ગામ ની નહેરમાં કાર ખાબકી બોરસદના નિસરાયા ગામ નજીક આવેલ નહેર માં કાર ચાલકે પોતાનું કાબૂ ગુમાવતા કાર નહેરમાં ખાબકી આજુબાજુ ના સ્થાનિક લોકો ને ખબર પડતાં તેઓ ત્યાં આવ્યા અને કાર માં સવાર ત્રણ લોકો ને સ્થનિક લોકો ની મદદથી જીવ ના જોખમે બચાવવા માં આવ્યા જેમાં કોઈ જાનહાનિ થઈ નથી

- અખંડ ભારત

# સુબીર તાલુકાનો ધ્વજવંદન પ્રોગ્રામ યોજાયો



રાહુલ વળવી. ડાંગ જિલ્લા ના સુબીર તાલુકાનો ૧૫ મી ઓગસ્ટ નો તાલુકા લેવલ નો પ્રોગ્રામ ઝરી પંચાયત માં રાખવામાં આવ્યો. માહિતી અનુસાર તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ સવારે ૯:૧૫ કલાકે શ્રી આઈ. એમ.સૈયદ મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી સુબીર તા. સુબીર જી.ડાંગ ના વરદહસ્તે રાખવામાં આવેલ હતું. આ પ્રોગ્રામ માં ઝરી પંચાયત ના નવ નિયુક્ત સરપંચ અંકિત ભાઈ તેમજ આજુબાજુ ગામના સરપંચ શ્રી ઓ તેમજ તાલુકા. જિલ્લા ના ચૂંટાયેલા સભ્યો શિક્ષકો તેમજ તમામ સરકારી સ્ટાફ ના કર્મચારી ઓ હાજર રહ્યા હતા. - અખંડ ભારત

# નાનોદરા ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી



રિપોર્ટર : મેર લાલજીભાઈ

ગામ નાનોદરા અને શાળા પરિવાર તરફ થી ૧૫ ઓગસ્ટ ના પ્રોગ્રામ યોજાયો જેમાં શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય તરફ થી પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર વર્ષ ૨૦૨૫=૨૬ દરમ્યાન સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય આપેલ છે .

શિક્ષક શ્રી સોલંકી વાડીલાલભાઈ જેમને અગ્રસચિવ શ્રી મુકેશકુમાર IAS દ્વારા અભિનંદન પાઠવવા માં આવ્યા અને શાળા પરિવાર તથા જદ્વષ્ઠ સભ્યો એ પણ અભિનંદન આપ્યા જેમાં સરપંચ શ્રી અજીતભાઈ .માજી પ્રમુખ બાબુભાઈ . લાલજીભાઈ .બળદેવભાઈ કલ્પેશભાઈ . જયહિંદભાઈ.શૈલેષભાઈ અન્ય આગેવાન શ્રી હાજર રહ્યા હતા

- અખંડ ભારત

# ભમરિયા માં ઉજવાયો ધ્વજવંદન કાર્યક્રમ



ભાનુભાઈ ડામોર

૧૫મી ઓગસ્ટ ઝંડાનો કાર્યક્રમ ભુજ વાયુ પ્રાથમિક શાળા ભરમિયા તાલુકો ખેડબ્રહ્મા જિલ્લો સાબરકાંઠા.

- અખંડ ભારત

# કુવાણા પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો



સાસુ પ્રકાશ ભલા

૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭મા આપણો ભારત દેશ અંગ્રજો ની ગુલામીમાંથી આઝાદ થયો હતો. જેને આજે ૭૯ વર્ષ થયાં. આ સ્વતંત્રતા પર્વ ની ઊજવણી માટે કુવાણા પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો. આ પર્વમાં ગામનાં સરપંચ શ્રી, શાળાના પુષ્પ રૂપી ખીલતાં ભૂલકાંઓ, ગામનાં યુવાનો, વડીલો,બહેનો અને માતાઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં. અને વિશેષ દેશને આઝાદી અપાવનારા વિરલ વિભૂતિઓ અને મહાનુભાવોને યાદ કરીને બાળકોને પ્રેરણા આપી હતી. અને અંતે થોડું અભિમાન ત્રિરંગાની આનનું છે થોડું અભિમાન માતૃભૂમિની શાનનું છે અમે લહેરાવીશું દરેક સ્થાને આ ત્રિરંગો નશો આ હિંદુસ્તાનની શાનનો છે.. અખંડ ભારત

# દીવાન ધનજીશા હાઈસ્કુલ ઝઘડિયા ખાતે ૭૯ માં સ્વાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી




પરેશ પ્રજાપતિ

આજરોજ દીવાન ધનજીશા હાઈસ્કુલ ઝઘડિયા ખાતે ૭૯ માં સ્વાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી .શ્રી નુતન કેળવણી મંડળના પ્રમુખ શ્રી રણજીતસિંહ પરમાર સાહેબ ના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું .શાળાના આચાર્યશ્રી મુકેશભાઈ ટેલર સાહેબ દ્વારા આ પ્રસંગને અનુરૂપ સ્વતંત્રતા પર્વ નું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું.

- અખંડ ભારત

# રોડની ખરાબ હાલત



હરિજન અલ્કેશ આર.

દે. બારીયાના પિપલોદ. થિ. ગુના જતા રસ્તા મા , ખાબટ, તોબટ, હાલત મા છે. આવતા જતા વાહન ચાલકોને મુશ્કિલ નો સામનો કરવા પડે છે .આવા રોડે અકસ્માત થવાની સંભાવના છે. અખંડ ભારત

# પડધરી તાલુકા નાં ફતેપુર ગામે ૭૯ માં ૧૫ મી ઑગસ્ટ સ્વતંત્ર રાષ્ટ્રી પર્વ ની ઉજવણી



શૈલેષ ગજેરા

ફતેપુર તાલુકા શાળા માં શિક્ષકો અને ફતેપુર સરપંચ શ્રીમતી વસંતબેન એમ.ગજેરા તેમજ ઉપસરપંચ મનીષાબેન ઍન.મેદપરા તેમજ સદભાવના ટ્રસ્ટ નાં પ્રમુખ વિજયભાઈ ડોબરીયા તેમજ પુર્વ ઉપસરપંચ નિરંજનભાઈ ડોબરીયા અને પડધરી તાલુકા ભાજપ પુર્વ પ્રમુખ શૈલેષભાઈ ગજેરા તમાંમ ગામ નાં યુવાનો આપીશ, કૌવશીક , રમેશભાઈ, વિગેરે યુવાનો તેમજ શાળાના બાળકો ગામ જનો ભાયો બેનો હાજરીમાં આ રાષ્ટ્રીય તહેવાર ની ઉજવણી કરવામાં આવી હતી. .. અખંડ ભારત

# પાટણમાં કોંગ્રેસ દ્વારા મશાલ રેલી યોજી




રિપોર્ટરઃ-દશરથ ઠાકોર

પાટણ શહેર કોંગ્રેસ કાર્યકરો દ્વારા વોટ ચોરી ના સમર્થન માં મશાલ રેલી નું આયોજન કરવામાં આવ્યું. ભાજપે સમગ્ર દેશમાં ચૂંટણીપંચ નો દુરુપયોગ કરીને મતદારયાદીઓ સાથે ગેરરીતિ કરીને ચૂંટણીઓ જીત્યા છે. લોકોના મતનો અધિકાર છીનવાઈ રહયો છે અને લોકશાહી ને ખતરામાં નાખવાનું કામ કર્યું છે.તેવું કોંગ્રેસ ના કાર્યકરોએ જણાવ્યું હતું. બગવાડા દરવાજા થી ત્રણ દરવાજા સુધી કોંગ્રેસ કાર્યકરો એ રેલી યોજી ×વોટ ચોર ગાદી છોડ×ના નારા સાથે વિરોધ દર્શાવ્યો હતો. રેલીમાં પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ, સિધ્ધપુર ના પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, પાટણ શહેર પ્રમુખ દીપક પટેલ અને મોટી સંખ્યામાં કોંગ્રેસ આગેવાનો, હોદ્દેદારો તેમજ કાર્યકરો જોડાયા હતાં.

અખંડ ભારત

# ઝાલોદ ખાતે સ્વતંત્ર દિવસ ઉજવાયો




રપોર્ટર નિલેશ પંચાલ

૭૯ સ્વતંત્ર દિવસ ઝાલોદ બી એમ હાઈસ્કુલ ના મેદાનમાં કેળવણી મંડળના પ્રમુખ હેમલભાઈ પંચાલ રાષ્ટ્રધ્વજ ને સલામી આપી તેમજ સ્કૂલ ના આચાર્ય પ્રિન્સિપાલ શિક્ષક ગણ તેમજ નગરપાલિકાના શ્રી અધ્યક્ષ શ્રી દિનેશભાઈ પંચાલ હાજર હતા તેમજ મંડળના મંત્રી અને સભ્યો ની હાજરીમાં તેમજ ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજને સલામી આપી અને શુભેચ્છાઓ પઠાવી . અખંડ ભારત

# બાયડમાં નવયુવાન મહિલા ડૉક્ટરનો અનોખો રેકોર્ડ ૨૪ કલાકમાં ૨૨ પ્રસુતિ..



રિપોર્ટર...પટેલ શર્મિષ્ઠાબેન સુરેશભાઈ

બાયડ પંથકમાં સંજીવની હોસ્પિટલના નામે પ્રખ્યાત ગાયત્રી હોસ્પિટલમાં એક અભૂતપૂર્વ રેકોર્ડ સર્જાયો હતો. ગાયત્રી હોસ્પિટલના એકદમ નવયુવાન ડૉ. હેત્વી વી. પટેલ દ્વારા ૨૪ કલાકમાં ૨૨ મહિલાઓની પ્રસુતિ કરાવવામાં આવી હતી. જેમાં ૧૪ દીકરીઓ અને ૮ દીકરાઓનો જન્મ થયો હતો. ડૉ. હેત્વી પટેલે ૬ બહેનોને સિઝેરિયન અને ૧૬ બહેનોને નોર્મલ ડિલિવરી કરાવી હતી, ડૉ. હેત્વી પટેલની આ અભૂતપૂર્વ સિધ્ધિની સમગ્ર તબીબી આલમમાં ભરપૂર પ્રશંસા થઇ રહી છે. ડૉ. હેત્વી પટેલને બાયડના પૂર્વ ધારાસભ્ય ડૉ. મહેન્દ્રભાઈ પટેલ, ડૉ. પ્રકાશભાઈ શાહ, ડૉ. હાર્દિકભાઈ પટેલ, ડૉ. રીનાબેન પટેલ, ડૉ. અલ્પેશકુમાર પટેલ વગેરેએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા...અખંડ ભારત

# નટવર ગઢ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થઈ



ચૌહાણ દેવજીભાઈ ઉકાભાઈ

નટવરગઢ તા લીબડી જી સુરેન્દ્રનગર પ્રાથામિક શાળા મા ૧૫ ઓગસ્ટ સ્વતંત્ર પર્વ ની ઉજવણી મા લીંબડી મામલતદાર શ્રી તથા લીબડી તાલુકા ભાજપ પ્રમુખ તથા ખેંગારભાઈ તથા સરપંચ બાળકો વડીલો અને મીત્રો હાજર રહયા તથા કાર્યક્રમને ખુબ સુંદર બનાવ્યો.

અખંડ ભારત

# લાખણી તાલુકા કક્ષાનો ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ નો ધ્વજવંદન કાર્યક્રમ લિબાઉ ખાતે યોજવામાં આવ્યો



રિપોર્ટર. ભરત સિંહ રાજપૂત

લાખણી તાલુકા કક્ષાનો ૭૯ મો સ્વાતંત્ર્ય દિવસ પર્વની ઉજવણી લિબાઉ ખાતે યોજવામાં આવી હતી. આ પર્વ નિમિત્તે લાખણી તાલુકાના મામલદાર સાહેબ શ્રી . ટીડીઓ સાહેબ શ્રી. આગથળા પોલીસ સ્ટેશનના પી.આઇ સાહેબશ્રી. લાખણી તાલુકાના ગ્રામજનો તથા લીબાવું શાળા પરિવાર ના વિદ્યાર્થીઓ ભાઈઓ બહેનો થતાં તથા લીબાઉ ગ્રામ પંચાયતના સમગ્ર ગ્રામ જનો ભેગા મળીને ૭૯ માં સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697